॥ ૐ ॥

શ્રી.

મહિષાસુર મર્દન.

॥ ॐ ॥

શ્રી.

મહિષાસુર મર્દન.

(નાટક ત્રિઅંકી)

રચનાર.

નડિયાદ નિવાસી.

શા. ભાઇચંદ ગોવર્ધનદાસ.

દોહરો.

મહિષાસુર મર્દન થતાં, વરત્યો જયજયકાર;
મહિષ મદન મન મારતાં, સુખ સુર્લભ સંસાર.

નડીઆદ—ભરતખંડ પ્રેસ.

પ્રત ૧૦૦૦

સંવત ૧૯૫૫—સને ૧૮૯૯

પ્રસ્તાવના.

મહિષાસુર મર્દન એટલે શ્રી દેવીએ મહિષ નામના અસુરનો વધ કર્યાની વાત વિશ્વમાં વિખ્યાત છે. એટલે એ વિષે વધારે વિવેચન કરવાની જરૂર નથી. શ્રી વ્યાસ મુનિએ જે ધર્મ શાસ્ત્રો તથા પુરાણો પ્રસિધ્ધ કરેલાં છે, તેમાં શ્રી મદ્ ભગવતી ભાગવત પુરાણ પણ પ્રખ્યાત છે; એના પંચમ સ્કંધને વિષે દેવીએ મહિષાસુરાદિ અસુરોને મારી વિજય કરી દેવતાઓને દુઃખથી મુક્ત કર્યાની કથાનું વર્ણન કરેલું છે. તેમજ શ્રી માર્કંડેય મુનિએ પોતાના પુરાણમાં દેવીનું માહાત્મ્ય દર્શાવ્યું છે. એટલુંજ નહિ પણ સ્તુતિ માટે સપ્તશતી (ચંડી પાઠ) થી સાતસો શ્લોક વડે જે વર્ણન કરેલું છે તેના પાઠ કેટલાએક બ્રાહ્મણને બ્રહ્મચારીઓ વર્ષનાં ચાર નવરાત્રિમાં અને હમેશાં કર્યાં કરેછે. વળી એમ પણ કહેવાય છે કે 'कलौ चंडि विनायकौ" તો આ ઉપરથી એમ સ્પષ્ઠ સમજવામાં આવે છે કે શ્રી વ્યાસ જેવા ત્રિકાળ જ્ઞાની અને શ્રી માર્કંડેય જેવા દિર્ઘ આયુષ્ય વાળા આદિ રૂષિ મુનિઓએ અંતર દ્રષ્ટિથી બાહેર વસ્તુનું વર્ણન કરી તેમાં પિંડ બ્રહ્માંડની એકયતા દર્શાવી મુમુક્ષુ માટે મુક્તિનો માર્ગ મોકળો કરવા તેમણે જે પ્રયત્ન કરેલો છે તે તેમનો સ્તુતિ પાત્ર છે. આ બ્રહ્માંડમાં જેમ શ્રી મહા-લક્ષ્મી રૂપે દેવી મહિષાસુર સાથે યુધ્ધ કરી દેવતાઓને સુખી કરે છે તેમ પિંડ રૂપી બ્રહ્માંડમાં પણ દૈવી સંપત્તિ જે આદ્ય શક્તિ તે આસુરી સંપત્તિના કામ રૂપ મહિષા-

સુર રાજાની સાથે યુધ્ધ કરે છે. આવા પિંડ બ્રહ્માંડની એ-કયતાના વિષયમાં અનેક પ્રકારના જ્ઞાનનો પ્રકાશ પ્રકાશી રહેલો જોવામાં આવે છે. પ્રથમ બાહિર દ્રષ્ટિથી વિચાર કરતાં મહિષાસુર જેવો બળવાન રાજા તે જેમ કામ વશ થવાથી નાશ પામે છે તેમ આ જગતમાં પણ કામાંધ પુ-રૂષો પોતે નાશ પામે છે એ વાત સુપ્રસિદ્ધ છે. આ દ્રષ્ટાંત જેમ પુરૂષોને શિક્ષણ રૂપ છે. તેમ સ્ત્રીઓને માટે પણ શ્રેષ્ટ શિક્ષણરૂપ છે. દેવીએ જેમ મહિષાસુર જેવા બળવાન તથા સ્વર્ગ સમાન સુખના લાભને તુચ્છ ગણી શિયળવ્રતનું સંરક્ષણ કરે છે તેમ આ સંસાર રૂપી નાટકમાં પણ જે સ્ત્રીઓ રૂપ, ગુણ કે લક્ષ્મીથી મોહ ન પામતાં પોતાના શિયળવ્રતનું સંરક્ષણ કરવામાં તત્પર રહે છે તેજ સ્ત્રીઓ પોતે સર્વ પ્રકારે સુખી થઇ સર્વેને સુખ શાન્તિને આનંદ આપે છે.

હવે બીજી તરફથી વિચાર કરતાં પિંડ રૂપી બ્રહ્માંડમાં શુભ કાર્ય કરાવનાર ધર્માદિક દેવતાઓની દેવી શ્રી આદ્ય શકિતને અશુભ કામ કરાવનાર લોભ મોહાદિક અસુરોના રાજા કામ (મહિષ) ની સાથે સંગ્રામ થાય છે. કામ પોતે પુરૂષથી અજીત અને વિષય રૂપી હોવાને લીધે તેને મહિષ (પાડો) કહેલો છે. આ જગતમાં પણ જે બહુ વિષયી પુરૂષ હોય છે તેને મહિષ કહેવામાં આવે છે. કામે પોતા-ના પરાક્રમ વડે દેવ અને દાનવોને જીતી વશ કરેલા છે. પણ તે દેવી (પ્રકૃતી) ને જીતી શકયો નથી. કામ રૂપી જીવ આત્માની પરાશકિતની ભકિત વિના વિમુખ થઇ પરાજય

પામી આપ સ્વરૂપને જ્યાં સુધી ભૂલી જાય છે. ત્યાં સુધી જીવાત્માનું વિકાર વડે જુદા પણું જોવામાં આવેછે. જેમ વૃક્ષથી છાયા જુદી જણાયા છતાં જુદી નથી તેમ પરમાત્માની શ્રી પરાશકિત તે પરમાત્માથી કદી ભિન્ન નથી.

યોગીઓ જેમ સિંહાસનથી ઇંદ્રિઓનું દમન કરી મન વશ કરેછે તેમ આત્મજ્ઞાની શાન્તિરૂપી શકિત વડે બળવાન ક્રોધ રૂપી સિંહપર સ્વારી કરી વિજય મેળવે છે. (દેવીનું વાહન સિંહ છે.)

પિંડ બ્રહ્માંડમાં પ્રાણ વાયુ સૂર્ય અને ચંદ્ર સ્વર રૂપે પ્રકાશે છે તેમાં શિવ રૂપ સૂર્યસ્વર કામાદિક ક્રુર કાર્ય કરવામાં પ્રાણનો નાશ કર્ત્તા અને શકિત રૂપ ચંદ્રસ્વર સુખ શાન્તિ આપનાર હોવાને લીધે પિંડ બ્રહ્માંડનું પોષણ કર્ત્તા કહેવાયછે (જગતમાં મા પણ પોષણ કર્ત્તા છે.)

આ જગતમાં બુધ્ધિમાન અને પરોપકારી પુરૂષોએ અનેક દ્રષ્ટાંતોથી પિંડ બ્રહ્માંડની એકયતા દર્શાવી આપો છે તેથી આ ગ્રંથ પણ સર્વત્ર રીતે સ્ત્રી પુરૂષોને શિક્ષણ રૂપે જાણી પ્રસિધ્ધમાં મૂકવાનો હેતુ છે.

આ મહિષાસુર મર્દન (નાટક) લખવાનો મારો પ્રથમ પ્રયત્ન હોવાથી લખાણમાં જે કાંઈ દોષ યુકત હોય તે જેમ હંસ પયને ગ્રહણ કરતાં પાણીનો ત્યાગ કરેછે તેમ દર ગુજર કરશો એવી શ્રી ભકત જનો પ્રત્વે મારી નમ્ર પ્રાર્થના છે.

કવિત.

ચલબો ગગન પંથ મલગો મિહીર લોક,
દલબો રિપુકો દલ શસ્ત્ર બિહિનકે.

ધરબો ધરાકો ભાર તરબો નિધિકો પાર,
હરબો હરાકો હરિ કરબો આધીનહે.

ખાયબો હલાહલકું લાયબો ફનિશ મની,
ધાયબો બગેરા સંગ બને કેઉ દીનહે.

રહબો અહાર બીન કહબો ભવિષ્ય હોન,
સહબી સહલ કામ દહબો કઠિનહે.

(પ્ર. સા.)

॥ ૐ ॥

શ્રી સદ્‌ગુરૂદેવ પરમાત્મને નમઃ.

શ્રી મહિષાસુર મર્દન.

અંક પેહેલો.

પ્રવેશ ૧ લો.

સ્થળ રંગ ભૂમી.

શ્રી મંગલાચર્ણ.

સર્વે પાત્રો.— સાર્દુલ વિક્રીડીતવૃત.

ઉત્પત્તી સ્થિતિ જગતની લય વિષે જે સત્ય શોભે સદા
તે જે મંગલ રૂપ મંગલ કરી માંગલ્ય આનંદ દા.
રાખો આપ કૃપા કરી શરણમાં શ્રી મંગલા ચર્ણથી
પ્રારંભે પ્રણમી પદ વિનવિએ પાત્રો મળી પ્રેમથી ૧
જેણે આ રચના રચી મન વડે વિશ્વે વળી વિસ્તરી
સુત્રાધાર રૂપે રહી સરવમાં નાટયે કળાએ કરી
માની મંગલ કાર્ય મંગલ કરો શ્રી મંગલા ચર્ણથી
પ્રારંભે પદ પંકજે પ્રણમિએ પાત્રો પુરા પ્રેમથી ૨

(સર્વે જાયછે.)

(સર્વે પાત્રો ગયા પછી સુત્રધાર શ્રી ગણપતીની સ્તુતિ કરેછે.)

શ્રી ગણપતીની સ્તુતિ.

ગીતિ વૃત.

શ્રી લંબોદર પ્રભુનું વર દાયક શંકર સુત કરૂં સેવા;
મહિષાસુર મર્દન આ નાટય વિષે વિભુ વિઘ્ન હરો દેવા
(સુત્રધાર સ્તુતિ કરી રહ્યા પછી શ્રી ગણપતિ પ્રગટ થાય છે)

શ્રી ગણપતિ.— ગીતિ વૃત

સુત્રધાર સુણુ નીતી વિઘ્ન હરણુ કરૂં મંગલ ધરી પ્રીતી;
પ્રારંભે કરી વિનતી સરસ્વતીના ગુણુ ગાણી ગા ગીતી.
(શ્રી ગણુપતી વરદાન આપી અંતર્ધ્યાન થાયછે.)

સુત્રધાર.— શ્રી સરસ્વતીની સ્તુતિ

ગીતિ વૃત.

હંસ વાહની દેવી વિદ્યાધર કર અભયાવર દાતા;
મહિષાસુર મર્દનમાં સન્મતિ પદ રતિ આપો સુખ શાતા.
સુત્રધાર સ્તુતિ કરી રહ્યા પછી શ્રી સરસ્વતી પ્રગટ થાય છે.

શ્રી સરસ્વતી.— ગીતિ વૃત.

સુત્રધાર સ્તુતિ સુણીને બ્રહ્મસદનથી આવું આ સ્થળમાં;
મન વાંચ્છિત સુખ શાન્તિ સન્મતિ પદરતિ આપું આ પળમાં.
શ્રી સરસ્વતી વરદાન આપી અંત ર્ધ્યાન થાય છે એટલે સુત્રધાર એ-કલો એક પડખે ઉભો રહી મનમાં નટીનું ચિંતન કરતાં નટી પ્ર-વેશ કરે છે.

નટી૦—(નમીને) સ્વામીનાથ શી આજ્ઞા છે?

સુત્રધાર—પ્રિયે આજે અખિલ ભુવનેશ્વરી શ્રી અંબીકાજી

એ જેમ નટ એક સ્વભાવ અને એક રૂપ વાળો છતાં પણ લોકોને રાજી કરવા સારૂ નાટયશાળામાં અનેક રુપ ધારણ કરેછે. તેમ દેવી પોતે નિરાકાર ને નિર્ગુણ છતાં સુર સમુહના સંકટ નિવાર્ણાર્થે ને સંરક્ષણાર્થે તથા જગતના કલ્યાણાર્થે અને બ્રહ્માએ અસુરના રાજા મહિષને આપેલા વરદાનાર્થે પોતાનું કષ્ટ નષ્ટ થવા પદ ભ્રષ્ટ થએલા સર્વ દેવતાઓ પ્રાર્થના કરવા માટે મળેલા તેમની સર્વ શકિતઓમાંથી તેજ:પુંજ પ્રગટ થયો તેમાંથી અતિ ઉત્તમ અને વિસ્મય આપનાર ત્રણે ગુણ વાળાં, ત્રણ વર્ણવાળાં, અરાઢ ભુજાવાળાં, શ્વેત મુખવાળાં, કાજળથી કાળાં નેત્રવાળાં, રાતા હોઠવાળાં, વૈજયંતી માળાવાળાં. અને જેના હાથનાં તળાં રાતાં હતાં એવાં તથા દેવતાઓએ આપેલાં અદ્ભુત આયુધો ધારણ કરેલાં, આદ્યશક્તિ શ્રી માહાલક્ષ્મી રુપે કાત્યાયન મુનિના આશ્રમમાં ભાદ્ર પદ્વદિ ૧૪ ને દિવસે પ્રગટ થયાં હતાં તેમની લીલાનું યથાર્થ વર્ણન કરવાને સાક્ષાત બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, ઇંદ્ર, શેષ કે ગણેશ પણ કદી સમર્થ નથી ત્યારે બીજો કોણ સમર્થ છે. કોઇજ નથી. પણ એ દેવીનાં અદ્ભુત ચરિત્ર કે જે સાંભળવાથી તથા જોવાથી પતિતને પણ પવિત્ર કરનાર છે તો તેમાંથી મહિષાસુર મર્દન આ વિરાજેલા આર્ય મિત્ર ગણની સમક્ષ કહેવા આજ અત્રે ભજવી બતાવવાનો હેતુ છે તેટલા માટે તમો આ આરંભેલા કાર્યમાં મદદ માગવા તે સર્વેશ્વરી શ્રી જગદંબાની સ્તુતિ કરો.

નટી.——સ્તુતિ (નમુપદ ગિરિજાપતિને એ રાહ)

નમું નમું જગતનાં જનની

શ્રી જગદંબા રમવા આજે પ્રેમ ધરી પદ વન્દુ;
વર આપ કર સ્થાપ શિશ શ્રી જનની. ।। નમું ।।
મણિમય શ્રી મુખચંદ્ર ધ્યાન ધરત જોગીંદ્ર;
જાપ જપત ફણીંદ્ર હરિ હર અજ ઇંદ્ર;
પદ શેવત મુનિંદ્ર. જય જય જય જય મહિષ મારની,
ભક્ત તારની અંબે. વર આપ કર સ્થાપ,
શિશ શ્રી જનની. ।। નમું નમું ।।

(સ્તુતિ કરી રહ્યા પછી નટી તથા સુત્રધાર જાય છે.)

પ્રવેશ ૨ જો

(શ્રી માહા લક્ષ્મીજીનું સર્વ દેવતાઓ સાથે પ્રગટ થવું)

દેવતાઓ.— (સ્તુતિ કરે છે)

શ્રી મંગલ રુપ કલ્યાણ મય ભગવતી અને જગતની માતા આપ કે જે શાન્તિ, કાન્તિ, તુષ્ટિ, પુષ્ટિ, રૂદ્રાણી, ઇંદ્રાણી, કાલરાત્રિ, મોહરાત્રિ, માહારાત્રિ, સિધ્ધિ, બુદ્ધિ, વૃધ્ધિ વિદ્યા અને વૈષ્ણવી રુપ છો તેમને વારંવાર પ્રેમ પૂર્વક પ્રણામ કરીએ છીએ. જે પરાશકિત પૃથ્વીમાં રહેલાં છે જેને પૃથ્વી જાણુતી નથી અને જે અંદર રહીને પૃથ્વીને નિયમમાં રાખે છે તેમને પ્રણામ કરીએ છીએ. જે મંગળ રુપ પરાશકિત માયામાં રહેલાં છે જેને માયા જાણુતી નથી અને જે અંદર રહી માયાને પ્રેરે છે તેમને પ્રણામ કરીએ

છીએ. હે મા કલ્યાણ કરો અમોકે જેઓને શત્રુએ તપાવેલા છે તેઓનું રક્ષણ કરો પાપી મહિષાસુર કે જે ખળ માયાવી ભયંકર સ્ત્રી રુપે મરે એવો વરદાનથી ગર્વ પામેલો, સર્વ દેવતાઓને દુઃખ દેનાર, અનેક રુપ ધરનાર અને શઠ છે તેને તમે પોતાના તેજથી મોહ પમાડીને મારો. હે ભક્ત વત્સલ ! સર્વ દેવતાઓનાં શરણ રુપ તમે એકજ છો. હે દેવી! અમો કે જેઓ દાનવથી પીડાયા છીએ તેઓની હવે રક્ષા કરો. તમને પ્રણામ કરીએ છીએ.

(દેવતાઓએ સ્તુતિ કરતાં સર્વ સુખ આપનારાં તે શ્રી જગદંબાએ મંદ હાસ્ય કરીને તેઓને નીચે પ્રમાણે શુભ વચન કહ્યું.)

શ્રી જગદંબા.—હે દેવતાઓ ! મંદ બુદ્ધિવાળા મહિષાસુરની બીક છોડી દીઓ વરદાનથી ગર્વ પામેલા એ મૂઢનો હું તુરત નાશ કરીશ.

(દેવતાઓને એ પ્રમાણે કહીને દેવીએ મોટા સ્વરથી અટ્ટહાસ્ય કર્યો તેથી સઘળી દિશાઓમાં ગર્જના ઉઠી.)

દેવતાઓ.—જય જય રક્ષા કરો જય જય રક્ષા કરો.

(એમ કહી દેવતાઓ જાય છે.)

પ્રવેશ ૩ જો

સ્થળ મહિષાસુરનો દરબાર.

મહિષાસુર.—(પોતાના મનમાં કોપ તથા શંકા પામી)

(રાહ ક્ષત્રી કલંક)

સુણો સચીવજી સગુણ સુજાણ,

સભય શબ્દ શાથી થયોરે;
કરો જાણ તમે તેની કરૂં હાણ.   સભય શબ્દ
મારા કાનને કરી વૃથા વ્યથાય;   સભય.
પકડી લાવો મારી પાસે પળમાંહ્ય.   સભય.
દેવ દાનવ ન કરે આવું કામ;   સભય.
કોણ દુષ્ટે આવો દિલે ધરી હામ.   સભય.
ગાજે આજે શાને કાજે આપે ત્રાસ;   સભય.
જાઓ જાઓ ઝટપટ લ્યો તપાસ.   સભય.

(મહિપાસુરનો હુકમ સાંભળી પ્રધાન વિનયથી નમન કરી જાય છે ને બીજી તરફથી વારાંગના પ્રવેશ કરે છે.)

વારાંગના—(નૃપને નમન કરીને)

પદ.— (તાલ દિપચંદી.)

કામ પ્રબલ બલ પાયો.
જગતપર કામ પ્રબલ બલ પાયો.
કુસુમ ધનુષ કર સ્હાયો.   જગત ટેક.
હરિ હર અજકો દમન મન કિનો,
મનમથ નામ ધરાયો.   જગત ૧
ઇંદ્ર ચંદ્ર મુનિંદ્ર રૂષિ નારદ,
વશ કર વિજય બઢાયો.   જગત ૨
ભૂ જળ તેજ, પવન નભ તત્વે,
જડ જીવન દરસાયો.   જગત ૩
સાધન સિદ્ધ સુધર્મે અર્થકો,
કામ મોક્ષ પદ કહાયો.   જગત ૪

પ્રધાન—(જોઇ આવીને) હે રાજા ! સઘળાં અંગોમાં આભ્રણો ધરનારી સિંહ ઉપર સ્વારી કરી આયુધો ગ્રહણ કરનારી, અરાઢ ભુજા વાળી, દિવ્ય રૂપ વાળી, સર્વ રત્નોથી શોભિતી મહાઉન્મત કોઇ પ્રૌઢ દેવાંગના જોવામાં આવે છે. અને અંતરિક્ષમાં ઉભેલા આનંદ પામેલા દેવતાઓ "જય પામો અમારી રક્ષા કરો અને શત્રુને મારો" એવી રીતે તેની સ્તુતિ કરે છે. એ મનોહર માનની મનુષ્ય કે સુર જાતિની જણાતી નથી. તેમ એ સર્વોત્તમ રૂપ વાળી સ્ત્રી કોની છે શા માટે ને શું કરવા આવેલી છે તે એના તેજથી અંજાઇ જવાને લીધે અમે પુરૂ જોઈ શકયા નથી અમો ધારીએ છીએ કે તે પતિવાળી નથી એવી અપુર્વ અને અદ્ભુત સર્વ રસોથી ભરપુર સ્ત્રીને જોઇને અમો તેને બોલાવ્યા વગર અહીં પાછા આવ્યા છીએ હવે આપની શી આજ્ઞા છે?

મહિષાસુર.— સાર્દુલ વિક્રિડીત વૃત.

સંપત્તી સુશિ રૂપની સચિવહે સ્નેહે સિધાવો ફરી,
શામાદિક ઉપાયથી વશ કરી લાવો જઇ સુંદરી;
રાખું પાસ પ્રિયા કરી સરવમાં એ પ્રાણની ઇશ્વરી,
પામ્યો મોહ પડયો હવે પરવશે જાઓ ત્વરાએ તહીં.

(રાજાનાં વચન સાંભળી મંત્રિ તે સુંદરીની પાસે જાય છે ને સભા બરખાસ્ત થાય છે.)

પ્રવેશ ૪ થો
સ્થળ રણ ભૂમિ

મંત્રિ.—(દેવીને નમીને)

હરિગીત વૃત.

હે ભાગ્યશાળી સુંદરી આવો અહીં શા કારણે,
સુંદર નયન શુભ વેશ વાળી મહિષ જાયે વારણે;
જેણે જીત્યાં સુર અસુર સર્વે પુરૂષથી ન મરે કદા,
ધરિ રૂપ વિવિધ પ્રકારનાં સુખ ભોગવે જે સર્વદા.

આવેલી મનહર માનની મહિષાસુરે સ્વર સાંભળી,
હું આવિયો તમ પાસ ઇચ્છે દાસ થાવા તે વળી;
આવો અમારી સાથ નૃપ પટરાણી કરી પ્રિય રાખશે,
સુરેન્દ્રના નંદન વને નિત નવિન સુખ સૌ આપશે.

જે હોય રૂચી આપની સ્વિકારીશું દેજો કહી,
જો હોય ઇચ્છા અંતરે નૃપ લાવું પધરાવી અહીં;
સંપૂર્ણછો ગુણ ખાણ ગોરી હૃદયમાં સમજી લહો,
શી રીતથી નૃપ હીત મારે પ્રીતથી કરવું કહો.

દેવી.— ગીતિ વૃત.

વિનયથી વદુ મૃદુ વાણી, સચિવ સુણો નૃપ હિતકર ઉર આણી;
ઉદ્યમ કરી અહીં આવો, દૈત્યતણું દળ દળવા દિલ જાણી.

મહિષાસુર મહા પાપી, પૃથ્વી છોડી પાતાળે જાએ;
સ્વર્ગ સુરોને સોંપી, આવે શરણે સદા અભય થાએ.

(એમ કહી વળી તેને કહે છે કે.)

હે મહિષાસુરના મંત્રી ! હું દેવતાઓની મા છું. અને મારૂં નામ મહાલક્ષ્મી છે. હું એકલી અહીં આવીછું. તું એ પાપી મહિષાસુરની પાસે જા. અને મારા વચનથીં તેને આ પ્રમાણે કહેજે "તારે જો જીવવાની ઇચ્છા હોય તો સાગર સહિત પૃથ્વી તથા સ્વર્ગ છોડી દઇને તું તુરત એકલો પાતાળમાં જા. ને જો નહિ જાયતો તને હું યુદ્ધ ભૂમિમાં મારી નાંખીશ. હે દુષ્ટ ! તને મળેલા બ્રહ્માના વરદાનનો વિચાર કર. તારૂં મરણ સ્ત્રીના હાથથી છે. તેથી મારે બ્રહ્માનું વચન પાળવા, દેવતાઓનું દુઃખ ટાળવા અને અધર્મને ખાળવા આ અદ્‌ભુત સ્ત્રીનું રૂપ ધરીને તું કે જે અપરાધી છે તેને મારવા માટે જ હું આ સ્થળે આવેલીછું. હે મૂઢ ! યુગે યુગે તારા જેવા અસંખ્યાત દુષ્ટોને મેં મારેલા છે. તારે જો યુદ્ધની ઇચ્છા હોય તો સધળા પ્રબળ વીર લોકોને સાથે લઇને મારી સાથે યુદ્ધ કર. નહિતો સ્વર્ગ ને પૃથ્વી છોડી પાતાળમાં જતો રહે."

મંત્રી.— ગજલ.

નમાવું શીશ હે દેવી ! પડીને પાય તારે હું;
કહુંછું શામ રીતિથી, સમજી મન કામ સારે તું. ટેક.

ઝુલ. મદ ધરી સુંદરિ શું વદે, ગિરા ગર્વ શીદ વ્યર્થ;
જરી વિચારી જો હૃદય, કયમ કરી સરશે અર્થ.
નથી એ અર્થ સરનારો, કહાં તૃણ એક ને ભારો;
કહાં જળ બિન્દુ દધિ ખારો, વદે વામા વિચારી શું ? ન.

ઝુલ. મહિપતિ મોટા મહિષ ક્યાં, ક્યાં તુજ સુંદર રૂપ;
કહાં વજ્ર કદળી અને, ક્યાં ગજ પુષ્પ અનૂપ.
કચરતાં પુષ્પને શી વાર, પડે શો શ્રમ ગજને ધાર;
સમય સાચો સમજ આચાર, જીતે કયમ જંગ ત્યારે તું. ન.

ઝુલ. કટુ વચન કહેવાય નહિ, રસ શૃંગાર વિરૂધ્ધ;
થાતાં રસના ભંગથી, કરૂં ન તુજશું યુદ્ધ.
કરૂં ના યુદ્ધ હે બાળા, તજદે ક્રોધના જ્વાળા;
મુકીદે માન ને ચાળા, મહિપ સ્વામી સ્વિકારે તું. ન.

દેવી.—

હે મંત્રિ ! શાસ્ત્રમાં કહેલી નીતિની રીતિ પ્રમાણે ચાતુરીનો વિચાર કરીને હું સઘળાં વચનોનો ઉત્તમ સાર કહુછું. તે તું સાંભળ. હે મૂઢ ! તારો સ્વામી મહિષાસુર અતિ મૂર્ખ છે. હું ધારૂછું કે તે વીર રસને જાણનારો નથી. તારા રાજાએ બ્રહ્માની પાસેથી સ્ત્રીના હાથથી મરણનું વરદાન માગેલું છે. તે કારણને લીધે મેં સ્ત્રીનું રૂપ ધારણ કર્યું છે. તેથી તારા વચનનો ભય કેમ પામું? જ્યારે દૈવ વિપરીત હોય ત્યારે ખડ પણ વજ્ર જેવું થઇ જાય છે. અને દૈવ અનુકુલ હોય ત્યારે વજ્ર પણ તુલ તુલ્ય થઈ જાય છે. જેનું મોત આવ્યું હોય તેને સૈન્ય, આયુધ, પ્રપંચ અને ગઢોથી શું ફળ થાય ? કાંઈ પણ ફળ થાય નહિ. જીવને કાળના યોગ્યને લીધે આ દેહનો સબંધ થાય છે ત્યારેજ સુખ દુઃખ અને મરણ લખાઇ જાય છે. જેનું મરણ દૈવે જે પ્રકારથી ધારી રાખેલું હોય તેનું મરણ તેજ પ્રકારથી થા-

મ છે. પણ કોઈ બીજા પ્રકારથી થતું નથી એવો નિશ્ચય છે. એટલા માટે તું તારા રાજાની પાસે જા અને તેને આ મારૂ વચન તુરત કહે કે તમારે જો જીવવાની ઈચ્છા હોય તો ઇંદ્રને સ્વર્ગ આપી દેઇને અને દેવતાઓને યજ્ઞના ભાગ પામતા કરી તમો પાતાળમાં જતા રહો. દુરાત્મા મહિષાસુરનો આથી વિરૂદ્ધ વિચાર હોય તો મરવાનેસારૂ સજ થઇ ભલે મારી સાથે યુદ્ધ કરે. હું એને યુદ્ધમાં મારી પ્રાણ રહીત કરીશ.

(દેવીનાં વચન સાંભળી મંત્રિ મનમાં વિચાર કરવા લાગ્યો કે મારે યુદ્ધ કરવું કે રાજા પાસે જવું ? રાજાએ કામાતુરપણાથી વિવાહનેસારૂ મને મોકલ્યો છે. માટે મારે કજીઓ કર્યા વગર જવું એ ઉત્તમ છે. અને આ વાતનું રાજાને નિવેદન કરવું. પછી જે કરવું હશે તેમાં રાજા સ્વતંત્ર છે. એવો વિચાર કરી મંત્રી મહિષાસુરની પાસે જાય છે.)

પ્રવેશ ૫ મો.

મહિષાસુરનો દરબાર.

મંત્રિ.—(રાજાને પ્રણામ કરીને.)

હે નૃપ ! સિંહ ઉપર બેઠેલી, સર્વોત્તમ રૂપવાળી, સર્વ લક્ષણોવાળી, સોના સરખી કાન્તીવાળી, સારા કેશવાળી, કમળ સરખા નેત્રવાળી, અરાઢ ભુજાવાળી, ઉત્તમ આયુધો ધરનારી અને મદનને મોહ પમાડનારી એ મનોહર દેવીને મેં કહ્યું કે હે ભાગ્યશાળી ! તું મહિષાસુર રાજાને

વરી તેની પ્યારી પટરાણી થઇ ત્રૈલોકયના વૈભવને ભોગવતાં સર્વ સ્ત્રીઓમાં શિરોમણી થા. હે મહારાજ ! આ પ્રમાણે મારૂં વચન સાંભળી ગર્વના આવેશથી મોહ પામેલી તે સ્ત્રીએ મને કહ્યું કે મહિષાસુર જે પશુઓમાં અધમ છે તેનું હું દેવતાઓનું હિત કરવાની ઇચ્છાથી દેવીને બળીદાન આપીશ. જો એને જીવવાની ઈચ્છા હોય તો પાતાળમાં જતો રહે. હે રાજા એ પ્રમાણે તે મદોન્મત સ્ત્રીનાં વચન સાંભળી રસ ત્રુટી જવાના વિચારથી યુદ્ધ કર્યા વગર હું તમારી પાસે આવ્યોછું. હું ભવિષ્ય જાણતો નથી કે આમાંથી પરિણામ શું આવશે. આ કાર્ય તમારી ઇચ્છા ઉપર છે. યુદ્ધ કરવું કે મળી જવું એ વિષેનો નિર્ણય મારા જાણવામાં આવતો નથી.

(આવેલા મંત્રીનાં વચન સાંભળી રાજા વૃદ્ધ મંત્રિઓને પોતાની પાસે બોલાવે છે અને તેમને)

મહિષાસુર.—હે વૃદ્ધ મંત્રિઓ ! હવે શામ આદિ ચાર ઉપાયોમાંથી અહિં કયો ઉપાય કરવો ? એ જાણે સાંબરી હોય એવી દેવતાઓની રચેલી માયા આવી છે કે શું ? તમો કાર્યો કરવામાં નિપુણ અને ઉપાયો યોજવામાં વિચિક્ષણછો માટે હવે શું કરવું તેનો નિશ્ચય કરીને મને તુરત કહો.

(રાજાનાં આવાં વચન સાંભળી મંત્રીઓ માંહોમાંહે વિચાર કરીને પછી રાજાને કહે છે)

મંત્રી.—હે રાજાઓમાં ઉત્તમ ! કહેવામાં બે પ્રકારછે.

એક સત્ય અને બીજું પ્રિય. સત્ય ઔષધની પેઠે પીતાં અપ્રિય લાગે છે પણ રોગનો નાશ કરે છે. હે રાજા ! સત્ય વચનને શ્રવણ કરનાર, માનનાર અને વર્તનાર જેમ દુર્લભ છે તેમ કહેનાર પણ દુર્લભ છે. રાજા પાસે મીઠું બોલનારા ઘણા હોય છે. આ ગંભિર વિચારમાં હે વીર અમો શું કહીએ. ત્રૈલોક્યમાં સારા કે નરસા ભવિષ્યની કોને ખબર પડે છે. કાળની ગતિ વિચિત્ર છે.

મહિષાસુર.—હે મંત્રિઓ ! તમો પોતપોતાની બુદ્ધિ પ્રમાણે જેનો જેવો અભિપ્રાય હોય તેવો નોખનોખા મત આપો. સઘળાના મતો સાંભળીને હું વિચાર કરીશ. સમજુ પુરૂષોએ ઘણાઓના મત જાણી વારંવાર વિચાર કરીને તેમાંથી જે ઉત્તમ જણાય તે કરવું જોઇએ.

(મહિષાસુરનાં આવાં વચન સાંભળીને રાજાને રાજી કરવાની ટેવવાળો મહા બલવાન દૈત્ય.)

વિરૂપાક્ષ.—

ગરબી. (ગીરિધારીરે. એ રાહ.)

હે નૃપ વરરે, કરગરી કહું શિશ નામી;
નિર્ભય રહો નિશ્ચય સ્વામી.
સાહસમાંરે, શામા કહાવે શૂરી;
પ્રીતિમાં પણ એ પૂરી.

ઝુલ. નથી મૂર્ખકો માનની તોલેરે;
બીવરાવા માટે બોલેરે.

રઘુવીર જરી નહીં ડાલેરે;
અપકીર્ત્તિરે, આપણુ લઇએ સામી. નિર્ભય.
અબળાનીરે, જાતી અવગુણ ખાણી;
તમો લેજો જગમાં જાણી.
વિચારોરે મદ ભરી એની વાણી;
પકડી લાવું અહીં પાંણી.

ઝુલ. બળ મારૂં આજ બતાવુંરે;
કહો સૈન્ય સહિત ત્યાં જાવુંરે.
નાગ પાસથી બાંધી લાવુંરે;
પછી પ્રિતેરે આપ કરો પટરાણી. નિર્ભય.

(વિરૂપાક્ષ પોતાનું બોલવું બંધ કરતાં દૂર્ધર દૈત્ય કહે છે.)

દૂર્ધર.—હે રાજા ! મતિમાન વિરૂપાક્ષે સાચું વચન કહ્યું. પણ હવે આપે મારી વાત સાંભળવી જોઇએ. રૂપથી ગર્વ પામેલી નાયિકાઓ એવી હોય છે. તેમનાં વક્ર વચનો પતિને સુખ આપે છે. એ વાત કામ શાસ્ત્ર જાણનાર વિચક્ષણ હોય તેજ જાણે છે. તે સ્ત્રીએ વક્રોક્તિમાં કહ્યું કે હું તમને યુદ્ધ ભૂમિમાં બાણોથી મારીશ. તો સ્ત્રીઓનાં કટાક્ષ અને વ્યંગ વચનો બાણરૂપ છે. બીજાં બાણો મુકવાની સત્તા સ્ત્રીઓમાં નથી. માટે સંત્રીને કહેલા શબ્દનો અર્થ એવો છે કે હું તારા રાજાને કટાક્ષરૂપી બાણોથી સુરત સંગ્રામમાં મારીશ. વળી તેણે એમ પણ કહ્યું કે હું રાજાને પ્રાણ રહિત કરીશ. તો પ્રાણ એ વિર્યનું નામ છે માટે હું રાજાને વિર્ય વગરનો કરીશ. આવો મા-

રો અભિપ્રાય છે. હે મહારાજ ! રસને અનુકુલ આવે તેમ કરવું યોગ્ય છે. શામ અને દામ એ બે ઉપાય સ્ત્રીને વશ કરવાના છે. એ સ્ત્રી ગર્વ પામેલી કે ક્રોધ પામેલી ગમે તે-વી હશે તોપણ હું તેને મધુર વચનોવડે સમજાવી વશ્ય કરી આપને લાવી આપીશ.

(દૂર્ધરે પોતાનો અભિપ્રાય કહી સંભળાવ્યો તે સાંભળી તત્વ જાણનાર તામ્ર દૈત્ય રાજાને કહે છે.)

તામ્ર.—હે રાજા ! કારણો ભરેલું, ધર્મ સહિત રસ વાળું, અને નીતિવાળું મારૂં વચન સાંભળો. એ આવેલી કામની કામાતુર નથી. તેમ તમારામાં આશક્ત પણ નથી. વળી દૂર્ધરના દર્શાવ્યા પ્રમાણે તેણે વદેલાં વચનો વ્યંગ નથી. હે મહાબાહુ ! એ મનોહર માનની કોઈના આલંબ-ન વગર એકલી અહીં આવેલી છે એ વાત વિચિત્ર દેખા-ય છે. ત્રૈલોકયમાં અરાઢ ભુજાવાળી અને સુંદરતાના સાર-ના સિમાડારુપ સુંદરિ કોઇના દેખવા, સાંભળવા કે સ્વ-પ્નમાં પણ આવી નથી વળી એ અબળા જાતિ છતાં તેણે ધરેલાં આયુધો પ્રબળ જણાય છે. આ સઘળું વિપરીત કા-ળ ગતિએ કરેલું હોય એમ હું માનુછું. હે રાજા ! વળી અપશુકન સુચવનારા ઉત્પાતો ઘણા થાય છે તેથી મને એ-મ લાગે છે કે આમાં આપણો નાશ થવાનો સંભવ છે. એ પ્રમદા પુરો નિશ્ચય કરીને તમારી સાથે યુદ્ધ કરવાનું મા-ગે છે. માટે એને મનુષ્ય, ગંધર્વ કે અસુર જાતિની નહિ જાણતાં દેવતાઓએ કરેલી મોહની માયા સમજવી જોઇએ.

પણ હે રાજા એથી ભય પામી પાતાળમાં ભાગી જવું ને યુદ્ધ ન કરવું એ કુલ કીર્તિને વીરપણામાં કલંક લગાડવા જેવું છે માટે વિચિક્ષણ પુરૂષોએ બુદ્ધિથી ધૈર્યનો આધાર રાખી જીવન મરણ દૈવ્યના હાથમાં છે તેનો ફેરફાર કરવાને કોઈ સમર્થ નથી એમ માની સર્વથા યુદ્ધ કરવું એવો મારો અભિપ્રાય છે.

મહિષાસુર.— દોહરો.

તામ્ર તત્વ વેત્તા તમો, સગુણ સુભટ ભડ ધીર;
વશ કરી વામા લાવવા, વેગે જાઓ વીર.

ઇંદ્ર વિજય વૃત.

હે વિર ધીર ધરી રણમાં જઇ સુંદરિ શામપણે સમજાવો,
દામથકી કહિ કામ સરે ઝટ લાલચથી લલના લલચાવો;
માન્ય કરે નહિ માનનિ તો પછી ભેદ પ્રપંચ પ્રચંડ બતાવો,
તેમ છતાં હઠ જો ન તજે શઠ ડંડ તણા ભયને દરસાવો.

(મહિષાસુરનાં વચન સાંભળી તામ્ર પ્રણામ કરી જાય છે.)

પ્રવેશ છઠો.

સ્થળ રણ ભૂમિ.

તામ્ર.—(દેવીને નમીને)

હે દેવી! મહિષાસુર રાજા તારા રૂપ ગુણથી મોહ પામી તારૂં પાણી ગ્રહણ કરવાની ઇચ્છા રાખે છે. તેને પ્રેમ પુર્વક તારો પતિ કરી નંદન વનમાં વિહાર કર. હે કમલ

નયના ! નીતિની રીતિ તો આ પ્રમાણે છે કે પ્રમદાઓએ પુષ્પથી પણ પરસ્પરમાં યુદ્ધ કરવું નહિ જોઇએ. હે સુંદરી! તારી પાસે સુંદર ભ્રકુટીરૂપી ધનુષ છે છતાં આ મિથ્યા ધનુષ ધરવાનું શું પ્રયોજન છે? કટાક્ષ રૂપી તિક્ષ્ણ બાણ છતાં વગર પ્રયોજને બીજાં બાણ ધરવાનું શું કામ છે? હે શરદ ચંદ્રથી શ્રેષ્ટ વદનવાળી! તું સકલ શાસ્ત્રના સિધ્ધાંતને સમજવાવાળી છે. તો યુદ્ધની વિપરીત મતિ કે જે રતિ સુખનો નાશ કરી અતિ દારૂણ દુઃખ દેનારી છે તે તને કોણે આપી. સંગ્રામમાં કષ્ટ વેઠતાં છતાં પણ જયનો સંદેહ રહે છે. એટલા માટે તું ત્રૈલોકયના સ્વામી દૈત્યના ઇશ્વરને પતિ કરી રાજયનું પરિપુર્ણ સુખ ભોગવવા ભાગ્યશાળી થા.

દેવી.—હે તામ્ર! તારો સ્વામી મહિષાસુર કે જે મંદ બુધ્ધિવાળો મદનથી પીડાએલો અને મરવા માટે તત્પર થએલો તેને સામ પૂર્વક સમજાવ કે હું દેવ દાનવ કે માનવને ઇચ્છતી નથી તે કે જે લાંબા પુછડાવાળા અને શીંગડાવાળા પશુને કયો ગુણ જોઇ વરૂ? હું અત્રે સ્વયંવર કરવાને નહિ પણ મદમાં મગ્ન થએલા મહિષાસુરનું મર્દન કરવા માટે આવેલીછું. સંસારમાં સરખે સરખાનો યોગ થાય તો તે સુખદાયિ થાય છે. પણ અજ્ઞાનને લીધે કજોડું કર્યું હોય તો તે દુઃખદાયિ થઈ પડે છે. તું મને કહે છે કે મારા રાજા મહિષાસુરને પતિ કર. એટલા માટે તું મુર્ખ છે. તેમ તારો રાજા પણ મુર્ખનો સરદાર છે. હું

કર્યાં અને એ શીંગડાંવાળો પાડો કર્યાં. માટે તું જા અને તારા રાજાને કહે કે જો જીવવાની ઇચ્છા હોય તો દેવલોક ને ભૂલોક છોડી પાતાળમાં જા નહિતો યુદ્ધ કરવા તત્પર થા.

(એમ કહી દેવીએ અત્યંત અદ્ભુત ગર્જના કરી તેથી તામ્ર ભયભીત થઇ મહિષાસુરની પાસે જાય છે.)

પ્રવેશ ૭ મો.

મહિષાસુર અને તેના મંત્રીઓ.

મહિષાસુર.—હે મંત્રિઓ હવે શું કરવું? ગઢ પકડી બેસી રહેવું કે બહાર નીકળી યુદ્ધ કરવું? ભાગી જવામાં કલ્યાણ હોય તો તેનો પણ વિચાર કરો. કાર્યની સિદ્ધિને વાસ્તે જે વિચાર કરવાનો હોય તે બહુ ગુપ્ત કરવો જોઇએ. જો વિચાર ગુપ્ત હોય તો રાજ્યના પાયારૂપ ગણાય છે. અને તે બહાર પડેતો તેથી રાજ્યનો અને રાજાનો વિનાશ થાય છે દેવતાઓની મોકલેલી એ સ્ત્રી એકલી આવેલી છે. ને તે યુદ્ધની માગણી કરે છે એ એક આશ્ચર્ય જેવું છે કાળની ગતિને કોઇ ત્રૈલોકયમાં જાણતું નથી જય કે પરાજય સર્વદા દૈવ્યના હાથમાં છે સમયપર એકલો હોય તે જીતે છે. અને ઘણા હોય તોપણ તેઓ જીતતા નથી માટે હે પરાક્રમી અને સર્વ શાસ્ત્રોમાં કુશળ મંત્રિઓ તમો દેશ કાલના અનુસારથી નીતિના નિર્ણયનો વિચાર કરી મને કહો.

બિડાલ.— રાહ બનજારાનો.

નમું નૃપ વર પદ શિશ નામી;
કરગરી કહું અંતરયામી. ટેક.
એ અબળા કયાં થકી આવી, નથી એને આજ સતાવીરે;
યુદ્ધ માગે આપણ સામી. નમું.
છે કોણતણી એ પત્ની, મદ ભર યોવન ઉન્મદનીરે;
બળ અકળિત એનું સ્વામી. નમું.
અદ્ભુત મોહિની લ્યો માની, મને લાગે કરશે હાનીરે;
સુર ગણ શુભ આશ્રય પામી. નમું.
રણ ઝૂઝે આવી આગે, વશ થાય ન એ અનુરાગેરે;
નથી કારણ કામની કામી. નમું.
બળ કાળતણું બહુ ભાસે, આમાંથી ફળ શું થાશેરે;
નવ ખબર પડે ગુણગ્રામી. નમું.

(બિડાલનું બોલવું બંધ થતાં.)

દુર્મુખ.—(રાજાને પ્રણામ કરીને.)

પદ.

તમો સાંભળો કૃપાળ કરૂં વિનતી રે;
ભાવી હોયે (૨) થવાનું તેહ થાય નૃપનાથ.
સાંભળો. તમો. ટેક.

સૂર સુરેંદના સંગ્રામે નથી નાસીઆ રે;
ભાગી જાતાં (૨) તો ભવ તણી જાય નૃપનાથ.
સાંભળો. તમો.

મારે માનુની યશ મળશે મહા વિશ્વમાં રે;
થાય જયતો (૨) સુખ ભોગવો સદાય નૃપનાથ.
સાંભળો. તમો.

વીધિ વિષ્ણુ ભવ અવિન્ય નથી જાણતા રે;
વૃથા શોક (૨) જિવન મરણનો જણાય નૃપનાથ.
સાંભળો. તમો.

(દુર્મુખ પોતાનું મૂખ બંધ રાખતાં)

બાષ્કલ.—(નમીને)

હે રાજા! તમે આવા કાર્યમાં ચિન્તા રાખોમાં. ઉત્સાહ કે જે વીર રસનો સ્થાયિ ભાવ છે તે રાખવો જોઇએ ભયાનક રસનો સ્થાયિ ભાવ ભય, તે વીર રસનો વૈરી છે. એટલા માટે હે મહારાજ! હું ભય છોડી દઇને અદ્ભુત યુદ્ધ કરીશ અને એ પાખંડીને સંગ્રામમાં ખંડી નાંખીશ. હું યમ, ઇંદ્ર, અગ્નિ, વાયુ, વરૂણ, ચંદ્રમા, કે સૂર્યથી બીતો નથી ત્યારે વૃથા ગર્વવાળી એ એકલી અબળા કોણ માત્ર છે આજ મારૂં બાહુ બળ જૂવો તમારે તો એની સાથેના સંગ્રામમાં પણ આવવાની જરૂર નથી.
(એમ કહી બાષ્કલ પોતાનું બોલવું બંધ રાખે છે એટલે)

દુર્ધર.—(મહિષાસુરને પ્રણામ કરીને)

હે રાજા! એ આવેલી અરાઢ ભુજાવાળી સુંદર દેવી દેવતાઓએ તમને બીવરાવવા માટે માયા રચેલી છે એને હું જીતી લઇશ માટે મનની મુંઝવણને ત્યાગ કરો. હવે

મંત્રિઓ કેવાં કામ કરે છે તે સાંભળો. ગુણાનુસારે સત્વ, રજ અને તમ એ ત્રણ પ્રકારના મંત્રિઓ છે. સત્વ ગુણી મંત્રિઓ નીતિ શાસ્ત્રમાં કુશળ, ધર્મમાં તત્પર અને એક ચિત્તવાળા હોવાથી સ્વામીનું કાર્ય સિદ્ધ કરે છે. રજો ગુણી મંત્રિઓ નોખ નોખા મનવાળા હોવાને લીધે પોતાના કાર્યમાં તેઓ તત્પર રહેતાં કોઇ સમયે ધણીનું કામ કરે છે. તેમજ તમોગુણી મંત્રિઓ પોતાના સ્વાર્થમાં શૂરા લોભમાં પૂરા ને સમય આવતાં તેઓ લાલચથી લપટાઇને પલટાઈ જઇ ધણીના કાર્યનો અને પોતાનો નાશ કરે છે. એટલા માટે લોભમાં તત્પર ને પાપમાં લાગેલા એવા તમોગુણી મંત્રિઓનો કદી વિશ્વાસ કરવો નહિ. હે રાજાધિરાજ! તમારે કશી ચિન્તા કરવી નહિ. હવે હું રણ ભૂમિમાં જઇ એ દેવીને પકડી તુરત તમારી પાસે આવીશ. આજ મારૂં ધૈર્ય ને બાહુ બળ તમે જુવો.

(એમ કહી પ્રબળ વ્યાકુલ અને દુર્મુખ રાજાને પ્રણામ કરી જાય છે)

—o:0:o—

॥ ૐ ॥

શ્રી મહિષાસુર મર્દન

(નાટક ત્રિઅંકી)

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

રણ ભૂમિ

બાષ્કલ.—(દેવીને નમીને)

શિખરિણી વૃત.

સુણો સ્નેહે શાણી સગુણમય હે સુંદરિ સતી,
જિત્યા દૈત્યો દેવો અધિપતિ મહાત્મા મહિપતી;
મરે ના તે એવો મહિષ ઇશ તારો કરિપતી,
સુખીથા સંસારે કુસુમકળિ કુંજે કરિ રતી.

દેવી૦—હે મુર્ખ! હે મદાંધ! તું મને ઉપરથી અબળા જાણેછે પણ તેમ નથી. મેં પ્રથમ પણ પ્રબળ બળ કળ ને છળ વાળા દુષ્ટોના દળનો સંહાર કરેલો છે. તું મને કામદેવથી મોહ પામેલી મંદ મતિ વાળી માને છે? કે જેથી તું મને શઠ ને મૂઢ મહિષને વરવાનું વચન કહે છે દેવતા સરખા રૂપવાળી કઇ સ્ત્રી પશુ રૂપ પ્રાણીને પરણી છે? માટે તું તારા રાજા મહિષાસુરની પાસે જા અને કહે કે તું પાતાળમાં જા. અથવા મારી સામે આવી યુદ્ધ કર. હું તમને માર્યા સિવાય જવાની નથી. એમ જાણી જેમ તારી ઇચ્છામાં આવે તેમ કર. મને જીત્યા વિના પૃથ્વીમાં સ્વર્ગમાં કે પર્વ-

તની ગુફામાં પણ તને કદી રહેવાનું મળશે નહિ.

(દેવીનાં વચન સાંભળી બાષ્કલ પોતાના તન મનમાં કોપ પામી દેવી સાથે યુધ્ધ કરે છે. દેવી દૈત્યની છાતીમાં ત્રિશળ મારે છે તેથી તે પૃથ્વી ઉપર પડી જઇ મરણ પામે છે. એટલે દેવતાઓ આકાશથી દેવી ઉપર પુષ્પ વૃષ્ટિ કરે છે. બાષ્કલ દૈત્યના પડતાં બાકીના દૈત્યો ત્યાંથી નાસવા માંડે છે તેથી તેમને ધૈર્ય આપવા માટે)

દુર્મુખ.—અરે વીર યોધ્ધાઓ તમો નાસોમાં આ રણ ભૂમિ પર મારા જીવતા છતાં તમને શી ફિકર છે ? મારે બીશોમાં.

(દૈત્યો ઉભા રહેતાં દેવી તરફ મૂખ કરી હાથ ઉંચો કરીને)

ગીતિ વૃત

હે મતિ મંદ અભાગી, અબળા આજે સમજે તો સારૂં;
મહિષાસુર કર સ્વામી, નહિતો હવણાં તુજને સંહારૂં.
દેવી૦—પાપી પામર પ્રાણી, મૂર્ખ હવે મૂખ મુકય વૃથા બકવું;
બાષ્કલ ગતિ ઉર આણી, માની કર ગૃહ ગમન તને સુચવું.
જો મન મરવા હોએ, સનમુખ થઇ કર યુધ્ધ રણે આજે;
દાનવ દળ સંહારી, મારીશ મૂઢ મહિષાસુર સુર કાજે.

દેવીનાં વચન સાંભળી દૂર્મુખ દેવીના ઉપર બાણો મૂકે છે એટલે દેવીએ તેને અનેક આયુધો વડે વીંધી નાંખી ખડ્ગ મારે છે તેથી તે મરણ પામી પૃથ્વી પર પડતાં ઉભા રહેલા દૈત્યો નાશી જાય છે પાપી દૂર્મુખ દૈત્યના મરવાથી દેવતાઓ પથ્યમાં સ્તુતિ કરવા લાગ્યા.)

પદ (પુર્ણ થયો છે ખેલ. એ રાહ)

છો નિર્મળ નિષ્કામ, નારાયણી છો નિર્મળ નિષ્કામ. ટેક.

જય કમલારી, જય મહાલક્ષ્મી;
આરાસુરી અભિરામ. નારાયણી.
પીત વસન ધર, પરમાનંદા;
વ્યાપક અંતર્યામ. નારાયણી.
નામ નિરંજન, ભવ ભય ભંજન;
સ્મરત સદા શિવ શામ. નારાયણી.
સુમન સુમનથી, તવ પદ પંકજ;
અરપત કરત પ્રણામ. નારાયણી.

(દેવી ઉપર પુષ્પ વૃષ્ટિ થાય છે.)

પ્રવેશ ૨ જો

મહિષાસુરનો દરબાર.

દૈત્યો૦—મહારાજ રક્ષા કરો રક્ષા કરો.

મહિષાસુર૦—અરે આ તે શું થયું?

દૈત્ય.—હે ભુપાળ! પ્રબળ બળ કળ વાળો કાળ વિકરાળ વેશે ફાળ ફરતો આપણી સામે આવતો હોય એમ અમે સમજીએ છીએ. આવેલી અબળાએ રણ સંગ્રામમાં બાષ્કલ અને દુર્મુખ દૈત્યોને માર્યા. તથા બીજા પણ વીર યોદ્ધાને માર્યા. માટે હવે જેમ આપને યોગ્ય લાગે તેમ કરો.

(નાસી આવેલા દૈત્યોનાં વચન સાંભળી મહિષાસુર જરા વિચાર કરી પોતાના શૂરા સામંતોના સામું જોઇને)

મહિષાસુર૦—હે શૂરા સામંતો આ આશ્ચર્ય રૂપ દૈવની ગતિ જુવો. સર્વદા પરતંત્ર રહેનારાં પ્રાણીઓને પુણ્ય પાપના અનુસારથી સુખ દુઃખ આપનારો કાળજ બળવાન

છે. ઉત્તમ દાનવો મરાઇ ગયા તો હવે પછી શું કરવું ? તે તમે એક મત થઇને જે યોગ્ય જણાય તે મને કહો.

(રાજાનાં વચન સાંભળી ચપળ ચિક્ષુર દૈત્ય પોતાના આસન પરથી ઉભો થઇ મહિષાસુરને પ્રણામ કરીને કહેવા લાગ્યો.)

ચિક્ષુર.— તોટક વૃત

નૃપનાથ કરૂં પ્રણમી વિનતી,
પરિત્યાગ કરો ચિત ચિન્ત થતી;
રણમાં જઇ પાપ ગણું ન રતી,
કરૂ કામનિ આજ હતી ન હતી.

(એમ કહી પોતાના મિત્ર તામ્ર સામુ જોતાં તે દૈત્ય ઉભો થાય છે એટલે તેને ચિક્ષુર કહે છે.)

ગીતિ વૃત

તામ્ર તપાસો તત્વો, ચાહો ચિત નિજ નૃપ હિત આદરવા;
ભાવી હોય ન ભૂલે, ચાલો રણ જય કરવા કે મરવા.

(બન્ને યોધ્ધાઓ રાજાને પ્રણામ કરી રણ ભૂમિપર જાય છે)

પ્રવેશ ૩ જો

રણ ભૂમિ.

ચિક્ષુર.—(દેવીની પાસે આવીને)

હે મોટા નેત્રવાળી ! સ્ત્રીનો વધ કરવામાં દોષ અને અપકીર્તિના સંભવથી તને મારવામાં મારૂં મન ઉપેક્ષા કરે છે તારા જેવી કામનીને તો કટાક્ષો તથા હાવોથી સુ-

ગ્ય કરવું યોગ્ય છે, તેમ છતાં તું શા માટે શસ્ત્રો ધારણ કરે છે? હે મનોહર આનનની તારા જેવી સ્ત્રીને દેહમાં માલતીનું પુષ્પ પણ પીડા કરે તો તેં સંસાર સુખને છોડી યુધ્ધમાં શો ગુણ દીઠો? જે અંગને તેલના અભ્યંગોથી, પુષ્પોના પવનોથી અને મીઠા અન્નનાં ભોજનથી પોષણ કર્યું હોય તેને શત્રુઓના શસ્ત્રોથી કપાવી સ્વર્ગ સુખની પ્રાપ્તી જે વર્ણવે છે તે બીકણ યોધ્ધાઓને વીરરસ ચઢાવવાને વાસ્તે એ કેવળ કવિઓનું સ્તુતિ વાકય છે. એટલા માટે હે સુંદરી! તું જ્યાં તને ગમે ત્યાં જતી રહે. અથવા દેવતાઓનું મર્દન કરનારા મહિષાસુર રાજાને તારો સ્વામી કરી સુખી થા.

દેવી.—   દ્રુતવિલંબીત વૃત.

સચિવ હે! શિદ મૂઢ વૃથા વદે,
મતિ રતી નથી માન ભર્યો મદે;
તન થકી બનિ ડોળ કરે ઘણો,
મુરખ જે જયમ પંડિત તે તણો.
લઇ ફરે ધરી વેશ મરાળનો,
ગુણ તજાય ન કાગ શુ રાગનો;
તજ હવે બકવા રણ વીર થા,
સમજ સાર કહું મન સ્થિર થા.

હે મંદ બુધ્ધિવાળા તેં વૃધ્ધ જનોને કે યમ નિયમાહિકનું સેવન કર્યું નથી. રાજ્ય નીતિની રીતિનું કે પ્રીતિનું

તને જરાએ ભાન નથી. તને ધર્મનું જ્ઞાન છેજ નહિ. મૂર્ખની સંગતિ વડે તું આવાં દુષ્ટ વચનો બોલે છે. હે મૂઢ મહિષાસુર અને તારે જો જીવવાની ઈચ્છા હોય તો પાતાળમાં જતા રહો. ને જો મનમાં મરવાની મરજી હોય તો તુરત યુધ્ધ કરો. સંગ્રામમાં મહિષને મારીને લોહીનો કીચ બનાવી યશ રૂપી સ્થંભને સ્થિર કરીને, સ્વર્ગ સુરેંદ્રના સ્વહસ્તમાં સોંપી જ્યાં મને અનુકૂલ લાગશે ત્યાં જઇશ. હવણાં તો તમો સઘળા અસુરોને મારવાનો મેં નિશ્ચય કરેલો છે.

(દેવીનાં વચન સાંભળી બળથી ગર્વ પામેલા ચિક્ષુરે દેવીના ઉપર બાણ મુક્યું તે આવતા બાણને દેવીએ કાપી નાંખી તેનાપર ગદા ફેંકી તેના પ્રહારથી ચિક્ષુર મુર્છિત થઈ પડી જતાં તેના સેવકો તેને રણ ભૂમિ પરથી દૂર લેઇ જાય છે. ચિક્ષુરને મૂર્છા વશ થએલો જોઈ ક્રોધથી તામ્ર દૈત્ય દેવીને મારવા માટે તેમની સામે આવે છે. તેને આવતો જોઇને)

દેવી૦—(જરા હસતાં હસતાં)

હે દાનવોમાં ઉત્તમ! આવ આવ તને યમ લોકમાં મોકલી આપું. તમો નિર્બલ ને ક્ષીણ આયુષ્યવાળા લોકોને મારવામાં મને શું ફળ છે? તમારો રાજા મહિષાસુર મારી સામે કેમ આવતો નથી. એ મૂઢ ઘરમાં પેશી રહી તમોને મરાવી પોતે ઉગરવાનો ઉદ્યોગ કરે છે કે શું? એ જીવે છે ત્યાં સુધી મારો પરિશ્રમ વ્યર્થ. છે માટે તમે જઈ મહિષને અહીં મોકલો હું અહીંઆં ઉભી છું.

(દેવીનાં વચન તામ્રને બાણુ સમાન લાગવાથી તે ત્રિશુલ લેઈ દેવી ઉપર દોડયો, તે વખતે તે બંનેને પરસ્પરમાં તુમુલ યુધ્ધ થયું. તેવામાં ચિક્ષુર પણ મૂર્છા રહીત થતાં ધનુષ્ય બાણુ ધારણ કરી દેવીની સાથે યુદ્ધ કરવા માટે સામે આવીને ઉભો રહે છે; એટલે દેવી તરવારથી તામ્રનું માથું કાપી નાંખે છે. તામ્રને પૃથ્વી પર પડી ગએલો જોઇ ચિક્ષુર દૈત્ય દેવીની સન્મૂખ થાય છે, તેને સામો આવતો જોઈ શ્રી જગદંબા પોતાની કટિ પરિયંત ખેંચેલા બાણુને તેના ઉપર મૂકે છે. તે વાગવાથી ચિક્ષુર પૃથ્વી પર પડી મરણુ પામે છે. તેથી બાકી રહેલા દૈત્યો ત્રાસ પામી રણુભૂમિ પરથી નાશી જાય છે. એટલે આકાશથી પુષ્પ વૃષ્ટિ થાય છે. નેપથ્યમાં દેવતાઓ સ્તુતિ કરવા લાગ્યા.

પદ. (રાહ સિંહાનો કનરો.)

અંતર યામી, શ્રી આદ્ય ભવાની;
જય જગ જનની, જય નિષ્કામી. અંતર. ટેક.
જય કલ્યાણી, જય મહારાણી;
જય જુગ જાણી, જય ગુણુ ગ્રામી. અંતર. ૧.
જય અઘ વામી, અવિચળ ધામી;
જય અભિરામી, ગરૂડાગામી. અંતર. ૨.
જય જગ મડંન, ખળ દળ ખડંન;
ભવ ભય ભંજન, નિરગુણી નામી. અંતર. ૩.
આદ્ય નિરંજન, મુનિ મન રંજન;
અકળ અકામી, પદ શિશ નામી. અંતર. ૪.

પ્રવેશ ૪ થો.

મહિષાસુરનો દરબાર.

દૈત્યો૦—મહારાજ રક્ષા કરો રક્ષા કરો.
મહિષાસુર૦—અરે દાનવો શું થયું ?
૧ લો દૈત્યો૦—(રાહ ક્ષત્રી કલંક.)

હે જી! મહીપતિ મહિષ મહેંદ્ર;
વચન સાત્ય ઉર ધરોરે.
સ્હાય જેને શિવ વિધિ વિષ્ણુ ઇંદ્ર. વચન.
સિંહ ઉપર થઇને આવી સ્વાર; ”
ભુજ અષ્ટાદશ પ્રબળ અપાર. ”

(૨ જો) કરે મૂદગળ ત્રિશૂળ પ્રહાર; ”
પડે અસૂર કરી ચિક્કાર. ”
ધરી કરે સર વિવિધ પ્રકાર; ”
હરે પ્રાણ નહીં લાગે પળવાર. ”

(૩ જો) શામ દામ ભેદ દંડ ઉપચાર; ”
કરી થાકયા પણ પામ્યા નવપાર. ”
હારી હિંમત ન મૂકે હથીઆર; ”
વદે વામા વાર વાર માર માર. ”

(૪ થો) માર્યા તામ્ર શૂર ચિક્ષુર અસૂર; ”
સ્તવે સ્તુતિ સહુ સૂર રહી દૂર. ”
એતો કામની નથી છે કૂળ કાળ; ”
મૃગ તૃષ્ણા મૂકી ધ્યાને હે મરાળ. ”

(નાસી આવેલા દૈત્યોનાં વચન સાંભળી રાજા જરા વિચાર કરી પાસે બેઠેલા અસિલોમાને અને પછી બિડાલ પ્રત્યે કહેછે.)

મહિષાસુર૦— ગીતિવૃત.

હે અસિલોમા આજે, કરિ કસિ અસિ ધરી ધિર ચઢો રણમાં;
પ્રમદા પકડી લાવો, અથવા એને મારો જઇ ક્ષણમાં.

હે બ્હાદુર બળવાળા, બિડાલ બાહુ બળ રણ બતલાવો;
અસિલોમાની સાથે, સકળ સુભટ સજિ ઝટપટ ત્યાં જાઓ.

(મહિષાસુર રાજાની આજ્ઞા થતાં બંને જણ પ્રણામ કરી જાયછે.)

પ્રવેશ ૫ મો.

રણ ભૂમિ.

અસિલોમા૦—(વિવેકના ડોળથી નમીને હસતાં હસતાં.)

હે દેવી ! તું સાચું બોલજે અહીં શા માટે આવીછે? અને અપરાધ વગરના અસુરોને શા માટે મારે છે? હવે જે કારણ હોય તે કહે એટલે તારી સાથે હું સંધિ કરૂં. રત્ન, મણિ, માણુકય, મુકતા કે ઉત્તમ પાત્ર આદિપર તારી પ્રીતિ હોય તે તું લેઇને તુરત જા. તારૂં અંગ અત્યંત કોમળ પણાને લીધે પુષ્પનો પ્રહાર પણ સહન કરી શકે એમ નથી. તેમ છતાં તું ચતુર ચતુરા જે ચતુરાઇનાં ફળ સુખ અને શાન્તિ તેને કેમ ઇચ્છિતી નથી? આ સંસારમાં સુખ લેવું અને દુઃખ છોડી દેવું એવી મર્યાદા છે. એ સુખ નિત્ય અને અનિત્ય એ રીતે બે પ્રકારનું છે. આત્મ જ્ઞાનથી થતું

સુખ નિત્ય છે. અને ભોગથી થતું સુખ અનિત્ય કહેવાયછે. માટે તું આત્મજ્ઞાન સંપાદન કરી સુખી થા. હે દેવી! જો બૌધમત પ્રમાણે આત્મ જ્ઞાનને મિથ્યા માનતી હોય, તો પરલોકની બીક નહિ હોવાથી આ લોકના અનેક પ્રકારના વિષયોનું સુખ ભોગવવું એ શ્રેષ્ઠ વાત છે. હે સુંદરી! તહારે કદાચ મીમાંસકોના મતનો સ્વિકાર હોય ને પરલોકની પ્રાપ્તિ સારૂ યુધ્ધ કરવું એમ હોય, તો તેમના મતમાં સ્વર્ગ સુખ સર્વોતમ છે. તે મહિષાસુરની પટરાણી થઇને સ્વર્ગ સુખ ભોગવવા ભાગ્યશાળી થા. આ દેહ ક્ષણ ભંગુર જાણી પુણ્ય કર્મ કરી સ્વર્ગ મેળવવો તે તને અનાયાસે મળે છે છતાં બીજાઓનો ઉપતાપ થાય, એવું કામ કેમ કરે છે? હે કલ્યાણી! તું યુધ્ધ છોડી દેહને ધર્મમાં બુદ્ધિ રાખ. આ જગતમાં સત્યથી પ્રાણનું ને દયાથી ધર્મનું રક્ષણ કરવું જોઇએ તે તજી અપરાધ વિનાના દૈત્યોને શા માટે મારે છે તે કહે.

દેવી૦—હે વીર તેં પૂછેલા પ્રશ્નના પ્રતિઊત્તર હું આપુંછું, તે તું શ્રવણ કર. સાક્ષા રૂપે પ્રાણીઓના ન્યાય અન્યાયને જોતી હું સર્વદા સર્વ લોકમાં ફરૂંછું. મને ભોગની લોભ કે વૈરની ઇચ્છા નથી. હું આ સંસારમાં સાધુ લોકોનું અને વેદનું રક્ષણ કરી અસાધુ લોકોને મારવામાં મારો ધર્મ માનુંછું. તેજ કારણથી યુગે યુગે અવતાર ધરૂંછું. હે દૈત્ય મહિષાસુર દુષ્ટ આચારવાળો, વેદનો વિરૂધી અને દેવતાઓનો દુશમન છે તેને મારવા માટે હું આવીછું.

માટે તું એ દુરાત્મા રાજાને કહે, કે તું બીજાઓને મરણને શરણ થવા શાસારૂ મોકલે છે? તું પોતેજ આવીને મારી સાથે યુધ્ધ કેમ કરતો નથી? જો તારા રાજાને મારી સાથે સંધિ કરવાનો વિચાર હોય તો વૈર છોડી પાતાળમાં જાઓ, અને દેવતાઓનું જે લીધેલું હોય તે તેમને પાછું આપો.

(દેવીનાં વચન સાંભળી અસિલોમા પોતાની પાસે ઉભેલા મહાવીર બિડાલને કહે છે.)

અસિલોમા૦— દોહરો

અવણ કર્યું સૌ તમે, પ્યારા પરમ પવિત્ર;
શું કરવું અહીં આપણે, વદો વચન હે મિત્ર.

બિડાલ૦—હે મિત્ર! મહિષાસુર રાજા રણમાં મરવાની જાણ છતાં પોતાનો પ્રાણ જતાં મમત મૂકે એમ મને લાગતું નથી. સમાધાનની વાત એના ધ્યાનમાં ઉતરે તેમ નથી. યોધ્ધાઓનું મરણ સાંભળી વળી વળીને બહુ બહુ બળ વાળા યોધ્ધાઓને મરવા માટે મોકલે છે, એથી એમ સમજાય છે કે દૈવની ગતિનું રતિ પણ ઉલ્લંઘન કરવાને રતિ પતિના પિતા કે રતિ પાર્વતી ને સાવિત્રિના સ્વામીની મતિ પણ સમર્થ થતી નથી. સેવકો જે દોરીથી બાંધેલી પુતળીઓની પેઠે પરવશ રહેનારા, આજ્ઞા પાળનારા, અને સર્વદા માન મૂકીને રહેનારાઓનો ધર્મ અતિ વિકટ છે. હે બન્ધુ! તારે ને મારે રાજા પાસે જઇશું કહેવું? કહીએ કે દેવતાઓનો લીધેલો વૈભવ તેમને પાછો આપી પાતાળમાં જતું રહેવું, એવું કઠણ વચન કહેવું પડે તેથી રાજાને

અવશ્ય રીસ ચડશે, કારણ કે સત્ય વચન પ્રિય હોતું નથી. ત્યારે અસત્ય બોલવા કરતાં મૌન રહેવું એ અતિ ઉત્તમ રીતિ છે. માટે મરણને તૃણ સમાન માની ધણીના કાર્યને શ્રેષ્ઠ જાણી યુદ્ધ કરવું એવો મારો અભિપ્રાય છે.

(આવેલા બંને વીરો પરસ્પર વાત ચિત્ત કરીને દેવીની સાથે યુદ્ધ કરવા માટે તત્પર થયા તેમાં પ્રથમ બિડાલ દેવીની સામે આવીને કહેવા લાગ્યો.)

બિડાલ૦—હે શાણી સુંદરી! તને અબળા જાણીને દયા આણી, તારા ઉપર બાણ ન મૂકતાં પાણી જોડી તારી પ્રાર્થના કરૂં છું, કે હે બાળા! હવે આ ચંચળ ચિત્તના ચાળા તજી મહિષાસુર સ્વામીની આળા ભજી સ્વર્ગ સુખ સજી લે. અગર અહીંઆંથી જતી રહે. નહીં તો થોડી વારમાં તારો પરાજય કરીશ.

દેવી૦—હે બિડાલ! આ રણ ભૂમિમાં વચનો વડે યુદ્ધ કરવું મૂકી દેઇ સજેલાં બાણોથી વીરપણાના ધિર ધર્મને ધારણ કરી યુદ્ધ કરવા તત્કાલ તૈયાર થા. હે નિર્માલ ને કંગાલ દૈત્ય! હાલ તારા બેહાલ કરી કાળને સ્વાધિન કરવા સજ થઇ તારી સામે ઉભીછું.

(દેવીનાં વચનથી ક્રોધ પામી બિડાલ દેવી ઉપર બાણ મૂકે છે તે આવતા બાણને દેવીએ પોતાના હાથવતી પકડીને ભાગી નાંખ્યું; અને તેના ઉપર બાણ માર્યું, તે વાગતાં બિડાલ મૂર્છિત થઈ થોડી વારે મરણ પામે છે. તેને મરણ પામેલો જોઇ અસિલોમા દેવીની સામે આવીને કહેવા લાગ્યો.)

અસિલોમા૦— ગીતિ વૃત.

સત્ય વચન શુણુ દેવી, દાન્નવ દારૂણ રણમાં રોળાશે;
મરણ શરણ સહુ થાશે, જય જય તારો જરૂર ભુવન ભાસે.
હિત અવહિત નવ સમજે, મહિષાસુર મૂઢ મંદ મતિ આજે;
દૈવ્ય અધિક બળ આગે, વ્યર્થ ગણું પુરૂષાર્થ ગણિ ગાજે.
વીરપણાના ધર્મે, શસ્ત્ર સજીને સૈન્ય સકળ લાવ્યો;
પરાધીનપણું પામી, સર્વાર્પણ કરવા મરવા આવ્યો.

(અસિલોમા એ પ્રમાણે કહીને ગર્જના કરતો દેવીની સામે દોડીને તેણે સિંહના માથામાં ગદા મારી, તે પ્રહારને સિંહે નગણકારતાં પોતાના નખો વડે તે દૈત્યની છાતી ફાડી નાંખી, તેથી તે તુરત ઉછળી સિંહને માથે ચડી દેવીને ગદા મારી તે પ્રહારને આતુરીથી પોતાને વાગવા ન દેતાં દેવીએ ખડ્ગવતી તેની ઉપર પ્રહાર કર્યો. તેથી અસિલોમા તુરત ધરતી ઉપર પડી મરણ પામ્યો. તેને મરણ પામેલો જોઇ બાકી રહેલા દૈત્યો ત્યાંથી ત્રાસ પામી નાશી ગયા. બિડાલ અને અસિલોમાના મરણથી દેવતાઓ દુંદુભી વગાડી પુષ્પની વૃષ્ટિ કરી નેપથ્યમાં સ્તુતિ કરવા લાગ્યા.)

લાવણી. (રાહ દક્ષિણી.)

જય શિવા સતી, જય વિજયિ ભગવતીરે;
શરણ આઇ, પ્રણુત પાઇ, અકળ આઇ, નિગમ ગાઈ,
પ્રબળ પ્રકૃતીરે. ॥ જય. ॥ ટેક.
ગહન તુજ ગતી, અતિ અદ્‌ભુતા કૃતીરે;
ગુણ નિધાન, સકળ સ્થાન, વિજય વાન,
પદમહાન, અભય આપતીરે. ॥ જય. ॥ ૧

શચી સતિ પતી, શેષ શ્રી પતીરે;
કરી પ્રણામ, સ્મરત નામ, પુરણ કામ,
અષ્ટ જામ, હ્રદય રાજતીરે. ॥ જય. ॥ ૨

ભય નિવારતી, ભક્ત તારતીરે;
ભુવન ભૂપ, અતિ અનૂપ, પ્રણવરૂપ,
સુખ સ્વરૂપ, જયોતિ જાગતીરે. ॥ જય. ॥ ૩

પ્રણમિ પદ પ્રતી, સ્તવત તવ સ્તુતીરે;
કરિ સ્વિકાર, ત્રિગુણિતાર, ચઢી વ્હાર,
મહિષમાર, વિનવીએ લતીરે. ॥ જય. ॥ ૪

પ્રવેશ ૬ ઠો.

મહિષાસુરનો દરબાર.

દૈત્યો૦—મહારાજ રક્ષા કરો રક્ષા કરો.

મહિષાસુર૦—અરે દાનવો શું થયું? અને રણ ભૂમિ પરથી કેમ પાછા આવ્યા?

૧ લો દૈત્ય૦— માલિની વૃત.

મહિપતિ મહિ મધ્યે, માનની કો ન એવી,
શરદ વદન શોભા, દીસતી દિવ્ય દેવી;
પ્રબળ પતન કીધા, સિંહ સ્વારી કરીને,
સકળ દનુજ નાઠા, નાથ હે! ભે ધરીને.

૨ જો દૈત્ય૦—હે મહારાજ! અસિલોમા અને બાહુ બળવાળો બિડાલ દેવોના હાથથી માર્યા ગયા, અને બીજા યોધ્ધાઓનું સિંહ ભક્ષણ કરી જતાં કેટલાક નાશી ગયા.

(આમ બોલતાં બોલતાં આવેલા યોદ્ધાઓ મોટો કરેડાટ કરી મૂકી રોવા લાગે છે, તેથી મહિષાસુર ચિન્તાથી વ્યાકુલ થઈ પોતાના દારૂક સારથીને પાસે બોલાવી કથે છે.)

મહિષાસુર૦— (ક્ષત્રી કલંકનો રાહ)

લાવો રથ રણ જાઉં ઝટપટ;
સારથી સજ થઇ આવોરે.
તજી તન મન તણી ખટપટ. સારથી.
કરૂં કામ વશ વિવ્હળ એ નાર; ,,
ધરૂં વેશ બેશ મનુષનો સાર. ,,
ચતૂરા તો જૂવે ચતુરાઇ રૂપ; ,,
થાય આકૃતિથી અશકત અનૂપ. ,,
વસ્ત્ર અસ્ત્ર શસ્ત્ર કરી સહુ સ્વચ્છ; ,,
કટી કસી ભય તજી ભીડી કચ્છ. ,,
પ્રિતે કરવું છે યુદ્ધમાં પ્રયાણ; ,,
કરી હાણ તેના પ્રાણ હરૂં જાણ. ,,
માને આણ સ્વર્ગ પાતાળ મહિંદ્ર; ,,
હરાવ્યા મેં વિધિ વિષ્ણુ ભવ ઇંદ્ર. ,,
વશ વરતે છે વરૂણ વૈતાલ; ,,
કોણ માત્ર છે એ કામની કરાલ. ,,
જાઓ લાવો રથ કરી તૈયાર; ,,
હવે કરશો ન વાર લગાર. ,,

(મહિષાસુરનાં વચન સાંભળી સારથી રથ લેવા માટે જાય છે તે રથ તૈયાર કરી લાવીને.)

દારૂક૦—હે મહારાજ આપનો રથ તૈયાર કરી લાવ્યોછું.

(રથ આવેલો જાણી મહિષાસુર મનુષ્યનું સુંદર રૂપ ધારણ કરી સૈન્ય સહિત જાય છે.)

॥ ॐ ॥

શ્રી મહિષાસુર મર્દન.

(નાટક ત્રિઅંકી)

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

રણ ભૂમિ.

મહિષાસુર.–(દેવીના સમીપમાં આવીને જાણે હસતો હોય એવી ઢબથી) હે દેવી! આ સંસાર રૂપી ચક્રમાં રહેનાર સ્ત્રી અગર પુરૂષ સર્વદા સુખની ઇચ્છા રાખે છે. મનુષ્યોને સુખ સંયોગથી થાય છે. સ્થાવર જંગમાદિક સર્વે સંયોગથી ઉત્પન્ન થએલું છે. તે સંયોગના ઘણા ભેદ છે, તોપણ મુખ્ય ત્રણ પ્રકારના ભેદ પ્રસિદ્ધ છે. તે એવા કે પ્રીતિજન્ય, કારણજન્ય, અને સ્વાભાવિક સંયોગ છે. તેમાં પ્રથમ માતા અને પિતાને પુત્રની સાથે જે સંયોગ થાય છે, તે ઉત્તમ સુખ આપનાર હોવાને લીધે ઉત્તમ પ્રકારનો પ્રીતિજન્ય સંયોગ છે. કારણ કે તેમાં પુત્ર રૂપ પ્રિય પદાર્થને જોવાથીજ નિરતિશય સુખ ઉત્પન્ન થાય છે. હવે બીજો કારણજન્ય સંયોગ કે જે ભાઇને ભાઇની સાથે સંયોગ થાય છે તે છે, તે પ્રીતિજન્ય સંયોગ કરતાં અલ્પ સુખ આપનાર હોવાને લીધે મધ્યમ મનાય છે. કારણ કે આમાં દર્શન માત્રથી સુખ નથી પણ પરસ્પરના ઉપકાર રૂપ કારણથી સુખનો સમાવેશ થાય છે. હવે સ્વાભાવિક સંયોગ તે એવો છે કે

પ્રદેશમાં અથવા માર્ગમાં જતાં વટેમાર્ગુ લોકો સાથે જે સંયોગ થાય છે તે ત્રીજા પ્રકારનો પ્રથમના પ્રીતિજન્ય અને કારણજન્ય સંયોગ કરતાં પણ ઘણું અલ્પ સુખ આપનાર હોવાને લીધે કનિષ્ટ કહેવાય છે. કેમકે આમાં દર્શન કે ઉપકાર રૂપ કારણથી સુખ થતું નથી, પણ સ્વાભાવિક રીતે કાંઇક સુખ થાય છે માટે સ્વાભાવિક સંયોગ કહેવાય છે. હે સુંદરી! હું કામદેવનાં બાણોથી પીડાઇને શરણાગત થયો છું. હવે એ ત્રણ પ્રકારના સંયોગ કરતાં સરખી અવસ્થામાં સ્ત્રી પુરૂષનાં જોડાંનો જે સંયોગ થાય છે તે અતિ ઉત્તમ ને જૂદાજ પ્રકારનો છે. જે સંયોગથી સર્વોત્તમ સુખ પ્રાપ્ત થતું નથી તે સંયોગ માત્રજ કહેવાય છે. હે પ્રમદા! તું મારી પટરાણી થઇ હું વીર પુરૂષની સાથે સંસારમાં સંયોગ કરી સુખી થા. હે મૃગાક્ષી! હું મારી પોતાની ઇચ્છાથી અનેક રૂપ ધરનારો, અનેક અમુલ્ય રત્નોનો ઉપયોગ કરનારો અને દેવતાઓને જીતી નંદનવનમાં વિહાર કરનારો અસુરોનો રાજા છું. હે મહંત ગુણોના માનવાળી! તારે ચરણને શરણ આવેલાનું અંત સુધી તારા અંતઃકરણમાં આશ્રય આપી ખંતથી રક્ષણ કર. હું તારો દાસ છું, જો તું કહેતી હોય તો હું દેવતાઓની સાથે વૈર પણ છોડી દઉં, અને જેમ તને સુખ થાય તેમ સઘળું તારા કહેવા પ્રમાણે કરી આપું. હું તારો સેવક છું. મારો આ દેહ રહેશે ત્યાં સુધી તારી આજ્ઞાને અનુસરી તારા વચનને કદી ફેરવીશ નહિ. હે પ્રાણેશ્વરી! હું તારા પગમાં પડું છું. મારૂં ચિત્ત તારા રૂપ ગુણને બળથી મોહ પામેલું છે. મેં દેવ-

તાઓની પાસે પણ કોઇ દિવસ દિનતા કરી નથી તે આજ તારી પાસે કરૂં છું.

દેવી૦—હે મહિષ! તું બોલવામાં બુધ્ધિમાન છતાં સ્ત્રીનો સંયોગ કરવા ઇચ્છા રાખે છે માટે મૂર્ખ છે. સ્ત્રી તો પુરૂષના બંધનને સારૂ લોઢાની બેડી રૂપ કેહેવાય છે. બેડીથી બંધાએલો પુરૂષ કોઇ દિવસ છુટવા પામે છે; પણ સ્ત્રીથી બંધાએલો કદી છુટતો નથી. સ્ત્રીના સંગમાં મોટું દુઃખ છે એમ જાણતાં છતાં તેમાં સુખ માની મૂર્ખ બની તેનું સેવન કરવાની કેમ ઇચ્છા કરે છે? તારે જો સુખની ઇચ્છા હોય તો તારા મનને શાન્તિમાં રાખ. કારણકે શાન્તિ વડે સર્વ સુખ અનાયાસે પ્રાપ્ત થાય છે. હે મંદમતિ વાળા! મને કદી પણ વિષય સુખની વાસના થતી નથી. તું દેવતાઓની સાથે વૈર છોડી દઈ પાતાળમાં જીવતો જતો રહે. હે દૈત્ય! હું બળવાળી છું અને મને સર્વ દેવતાઓએ તને મારવા માટે મોકલી છે. ત્હારે જો મરવાની ઈચ્છા હોય તો મારી સાથે યુધ્ધ કર. યુધ્ધ કરીશ તો હું તને મારી નાંખીશ. એમાં કશો શંશય નથી.

(દેવીનાં વચન સાંભળી કામદેવથી મોહ પામેલો મહિષાસુર મનમાં વિચાર કરીને કહે છે.)

મહિષાસુર૦— લાવણી.

હે સુંદરી! શશિ વદન સદન શોભાવન તન મન હરનારી;
અબળા જાણી આજ મારતાં લાજ જાય જગમાં મારી. ।।ટેક.।।
ઝુલ. જોઇ સુખદ સ્વરૂપ, પડયો પ્રેમ રસ કૂપ,

પ્રિય! પદ પદ્મરૂપ, મન મોહ્યો હું મધૂપ;
અતિ આકૃતિ અનૂપ, કેમ મારૂ થઈ ભૂપ. ॥જોઇ॥
સ્ત્રી, બ્રાહ્મણ, બાળકની હત્યા ગણી નીચ નિશ્ચય ભારી.
અબળા જાણી આજ મારતાં લાજ જાય જગમાં મારી. ૧

ઝુલ. લટકાળી તજી લાજ, કર ગ્રહી કરો કાજ,
મોહ ઉદધિથી ઝાઝ, બચાશે તું આવી આજ,
રામા રત્ન વિણ રાજય વ્યર્થ માનું સહુ સાજ. ॥લટકાળી॥
સુણ, સુંદરી તન ધરી જરા કરી દયા દિલે થા મુજ પ્યારી.
અબળા જાણી આજ મારતાં લાજ જાય જગમાં મારી. ૨

ઝુલ. સુખ સંસારનું સાર, સ્વામી સબળ સ્વિકાર,
થાય વિમૂખ વિકાર, એથી ઉર થા ઉદાર,
તને હણતાં શી વાર, બળ મારૂં તું વિચાર. ॥સુખ॥
મુજ બળથી સુર સકળ વિકળ ચિત ચપળ થઈ નાઠા હારી.
અબળા જાણી આજ મારતાં લાજ જાય જગમાં મારી. ૩

ઝુલ. રતીપતિ જે આવાર, કામ કરે ન લગાર,
પંચ બાણથી પ્રહાર, તને મારે નહિ માર,
જાણી બાળા સકુમાર. દયા દાખે શું દિદાર. ॥ રતી ॥
હે નિર્મળ નયની જા નાશી, વૈર સકળ દઇ વિસારી.
અબળા જાણી આજ મારતાં લાજ જાય જગમાં મારી. ૪

(એ પ્રમાણે મહિષાસુર પોતાનાં વખાણ કરી દેવીની સન્મુખ ઉભો રહે છે.)

પ્રવેશ ૨ જો.

દેવ સભા.

વારાંગના૦—(બનજારાની રાહ.)

નમી સ્તવુ' (૨) નિરંજન નામી;

અલબેલી અન્તરયામી. ॥ ટેક. ॥

છો નિર્ગુણ શ્રી ગુણ આઇ, જળ સ્થળ જડ જિવન છાઇ,
ગતિ ગહન કળિ ન કળાઇ, નિગમાગમ નેતિ ગાઇ,
ગાયત્રી ગરૂડા ગામી. અલબેલી અન્તર યામી. ॥ નમી ॥ ૧
તુંજ ચરણ શરણ સુખકારી, ભોળી ભવ ભય અઘ હારી,
રૂપ નામ ઉપર બલીહારી, કરે સ્મરણ સદા ત્રિપુરારી,
નિર્ભય નિર્મળ નિષ્કામી. અલબેલી અન્તર્યામી. ॥નમી॥ ૨
છો કૃષ્ણ વરણ કલ્યાણી, સર્વેશ્વરી સગુણા શાણી,
જુગ જુગ જગ જનની જાણી, વૈષ્ણવી વરદાયિ વખાણી,
આદ્યા છો અવિચળ ધામી. અલબેલી અન્તર્યામી. ॥ નમી ॥ ૩
દુઃખ હરની દિન દયાલં, ખળ અસુરની કાલ કરાલં,
ઉર વિજય વિજયિ મણિમાલં, જય જય જય પરમ કૃપાલં.
પદ પંકજ રજ પ્રણમામી. અલબેલી અંતરયામી. ॥ નમી ॥ ૪

ઈંદ્ર૦—હે અપ્સરા! તેં વિશ્વાત્મિકા શ્રી આદ્ય શક્તિની આ વખતે સ્તુતિ કરી તેથી હું પ્રસંન થયોછું તમારી શી ઇચ્છા છે?

વારાંગના૦—હે સુરપતિ! સૃષ્ટિમાં સાક્ષાત શાન્ત સ્વરૂપી સગુણમય શ્રી આદ્યશક્તિ મહાલક્ષ્મી રૂપે અસુરના

રાજા મહિષાસુરનું મર્દન કરવા માટે પોતે પ્રગટ થએલાં છે તેથી તેમનાં દર્શન કરી કૃતાર્થ થવા આપને મારી વિજ્ઞપ્તી છે.

ઇંદ્ર૦— હે વારાંગના ! આ વાત મારા લક્ષમાં છતાં તમે સમયાનુંસાર ઠીક સુચના કરી.

(એમ કહી તેને હાર આપે છે. એવામાં ત્યાં નારદ રૂષિ પ્રવેશ કરેછે.)

ઇંદ્ર૦—(પ્રણામ કરીને) હે મહર્ષિ નારદ ! આપના દર્શનથી અમને અત્યાનંદ થયો છે, હવે આપના જાણવામાં જે કાંઇ નવિન વૃતાંત હોય તે તથા અત્રે પધારવાનું જે પ્રયોજન હોય તે કહી કૃતાર્થ કરશો.

નારદ૦—હે સુરેંદ્ર ! પૃથ્વિપર વસનારા આપણા શત્રુ અસુરો અને તેમના રાજા મહિષને મારવા તથા સંતો અને ધર્મના સંરક્ષણાર્થે શ્રી આદ્ય શક્તિ અદ્‌ભુત અવતાર ધારણ કરી દેવોને અભય આપવા પ્રગટ પણે એ તેજ... દેવીએ દૈત્યોના દળનો નાશ કરી ક્રૂર મહિષાસુરને મા... માટે હવે સજ થએલાં છે, તેમનાં દર્શન કરી આ શુભ સમાચાર આપને નિવેદન કરવા હું આ સ્થળે આવેલો છું.

ઇંદ્ર૦—હે શુભ ચિન્તક મુનિંદ્ર! આ વાત આપણા પિતા બ્રહ્માને કહી તેમને અગ્રણી કરી એ પ્રગટ થએલાં પરાશક્તિ શ્રી મહાલક્ષ્મીનાં દર્શન કરવા જવામાં શ્રેષ્ટ કાર્ય સમજું છું માટે તે વિષે આપનો શો વિચાર છે?

નારદ૦—હે મહારાજ! આપે કહેલી વાતને હું અનુમોદન આપી આપની સાથે તે સ્થળે આવવા તૈયાર છું.

ઇંદ્ર૦—હે દેવતાઓ! હવે આપણે સઘળા પ્રજાપતિ પાસે જઈએ. (સર્વે જાય છે.)

પ્રવેશ ૩ જો.

રણ ભૂમિ.

દેવી૦— હે મદાંધ મહિષ! તું કામાંધ છે, છતાં તારાં પ્રીતિ ભરેલાં વચનોથી તને પ્રસંન થઈ કહું છું કે તું જીવવાની આશા રાખતો હોય તો પાતાળમાં જતો રહે. અહીં મારૂં આવવું દેવતાઓના સુખને વાસ્તે છે.

મહિષાસુર૦—હે મૃગ નયના! હું મધુકરને તારા મૂખ કમળથી મધુર પરાગરૂપિ વાણી વડે અમૃતપાન કરાવવાના કાર્યમાં કુશળ છતાં તારામાં પુરૂષના સંગ વિષેની ચતુરાઈ નથી કે શું? જો ન હોય તો અવશ્ય મેળવવી જોઇએ.

દેવી૦—હે મંદમતિવાળા! નીતિની રીતિ જાણ્યા છતાં તારા વદનમાંથી બીજાને અપ્રીતિ ઉત્પન્ન કરનારાં વચન કેમ નિકળે છે? હું સત્ય કહું છું કે તું અનીતિથી દેવતાઓનું અહિત ઇચ્છનાર અને નીચ આચાર વાળો છે, એટલા માટે તને માર્યા કે તું પાતાળમાં ગયા વિના હું અહીંથી જવાની નથી.

મહિષાસુર૦— હે શરદ ચંદ્રથી શ્રેષ્ટ વદનવાળી! મારા વચનનો ભંગ થતાં તું મને તારા સ્વરૂપથી રામા રત્નના લોભમાં લલચાવી મોહ રૂપિ મીઠિ મદિરા વડે મદ ચઢાવી સર્વ સુખની તૃષ્ણાના તરંગોને ઉત્પન્ન કર-

નારી છે, તો તને નમ્રતાથી કહુંછું કે હવે આ આગ્રહ છોડી દઇ અને પ્રેમથી તારો પતિ કર અગર અહીંથી જતી રહે.

દેવી૦—હે મૂઢ! તને પાતાળમાં મોકલ્યા કે માર્યા સિવાય અહીંથી દૂર નહિ જવાનો મારો નિશ્ચય છે. હે મૂર્ખ ! આ જગતમાં કામાંધને ભય અને લાજ નથી.

મહિષાસુર૦—હે કોમળાંગી ! હવે બીજી વૃથા વાત જવા દઈ મારી સાથે વિવાહ કર. વિવાહ કરવાથી વિશ્વમાં વાહ ! વાહ ! કહેવાશે, તેથી તને અને મને ઉભયને જેમ વિષ્ણુને લક્ષ્મી, બ્રહ્મા ને સાવિત્રી, શિવને સતિ, કામને રતિ અને ઇંદ્રને ઇંદ્રાણીના સમાગમથી શોભા મળી છે તેમ શોભાને સુખ શાન્તિ મળશે.

દેવી૦—હે દુષ્ટ ! આ રણ ભૂમિમાં તારે કેમ વર્તવું જોઇએ, તે વીરપણાના ધર્મને નહિ જાણતાં મિથ્યા અભિમાન વડે આવાં વિપરીત વચનો કેમ વદે છે ?

મહિષાસુર૦— હે સુંદરિ ! તને ભોગનો ત્યાગ કરવાનો ઉપદેશ દ્વેષથી કોઇ વૈરીએ મીઠું મીઠું બોલી ઠગેલી છે. જો મારા જેવા શૂરવીર ને સર્વ સંપત્તીવાન રાજાને છોડી દઇશ તો તારે પાછળથી પસ્તાવો કરવો પડશે. જેમ મંદોદરી નામની એક સ્ત્રીને પોતાને શુભ અને અનુકુલ રહે એવો પતિ મળતા છતાં તેનો તેણે ત્યાગ કર્યો, અને જ્યારે તે કામદેવની પીડાને લીધે અંતઃકરણમાં મોહથી વ્યાકુલ થઇ

ત્યારે તેને એક શઠ પતિ કરવો પડયો હતો તેમ તારે કરવું પડશે.*

(એમ કહી ઉભો રહે છે.)

---

*મંદોદરીની કથાનો સાર.

દોહરો.

મોહ પામી મંદોદરી, વ્યાપ્યો અંગ અનંગ;
હઠ તજી શઠ સ્વામી વરી, કહું તે કથા પ્રસંગ.

મહિષાસુર૦—હે સુંદરી! હવે તું મંદોદરીની કથા સ્નેહ સહિત શ્રવણ કર. પૃથ્વીમાં પ્રખ્યાત સિંહલ દેશ છે. ત્યાં ચતુર, રણધીર, વીર, સત્યવાદી, શાન્ત, સહનશકિતવાળો, નીતિના સમુદ્રરૂપ, સર્વે શાસ્ત્રો તથા ધર્મને જાણનાર અને પ્રજાને પાળનાર ચંદ્રસેન નામે રાજા રાજય કરતો હતો. તેને રૂપાળી, પતિવ્રતા અને ગુણવાન ગુણવતી નામે રાણી હતી. એ રાણીએ પહેલા ગર્ભથી એક અતિ સુંદર દીકરીને જન્મ આપ્યો હતો. તેનું નામ મંદોદરી એવું રાખ્યું હતું. એ કન્યા ચંદ્રમાની કળાની પેઠે વધતી ગઇ, જયારે તે દશ વર્ષની થઈ ત્યારે રાજા રાણીના ચિત્તમાં તેને પરણાવવાની ચિન્તા થવા લાગી. એક દિવસે રાજાએ પોતાના ગુરૂને તેડાવી તેમનું પ્રેમ પૂર્વક વીધિ સહિત પુંજન કરી વિનય વચન વડે પુછવા લાગ્યો. હે મહારાજ! મંદોદરી કન્યા લાયક આપ મને યોગ્ય વર બતાવો. ચંદ્રસેન રાજાનાં નમ્ર વચન સાંભળી ગુરૂએ તેને કહ્યું કે હે રાજા! મદ્રદેશનો અધિપતિ મહાવીર સુધન્વાનો કંબુગ્રીવ નામે કુંવર છે, તે સઘળાં શુભ લક્ષણવાળો હોવાને લીધે તમારી કુંવરી માટે યોગ્ય

પ્રવેશ ૪ થો.

બ્રહ્મા અને દેવતાઓ.

ઇંદ્ર૦—(હાથ જોડીને) હે કમળથી ઉત્પન્ન થએલા બ્રહ્મા આપના ચરણ કમળને અમે પ્રેમ પૂર્વક વારંવાર વંદન

વર છે. આવાં ગુરૂનાં વચન સાંભળી તેણે પોતાની પટરાણી ગુણવતીને પૂછ્યું કે આપણી કંન્યા મંદોદરી કંબુગ્રીવને આપીશું ? ગુણવતીએ પતિનું વચન સાંભળી આદર પૂર્વક પુત્રીને પૂછ્યું કે તારો પિતા તારો વિવાહ કંબુગ્રીવ સાથે કરવા ઇચ્છે છે, તે વિષે તારો શો અભિપ્રાય છે ? માનું વચન સાંભળી મંદોદરી બોલી હે પુજ્ય માતુશ્રી ! મારે પરણીને પતિ કરવાની ઇચ્છા નથી, હું બાળ બ્રહ્મચર્ય રાખી સર્વદા કાળ ક્ષેપ કરીશ. મારે પતિનું પ્રયોજન નથી. પતિ કરવાથી પરતંત્રપણું પ્રાપ્ત થાય છે. વળી શાસ્ત્રમાં નિપુણ પંડિતો પણ સ્વતંત્રપણાથી મોક્ષ થાય છે, એમ કહે છે. હે મા ! પતિ કરવાથી જે કષ્ટ ઉત્પન્ન થાય છે, તે તન મનને શોક અને સંતાપ આપનારૂં છે. લગ્ન વખતે અગ્નિની સમક્ષ જે પ્રતિજ્ઞાઓ કરવી પડે છે તે પાળવી ઘણી અશકય છે, એટલુંજ નહિ પણ ત્યાર પછી સાસરામાં પારકી ઇચ્છાને અનુસરી સાસુ, શ્વસુર, કે દિયેર આદિની આગળ દાસી પણું કરવું પડે છે. વળી વિશેષ દુઃખ એ છે કે જો પતિ કદાચ બીજી સ્ત્રીને ભજે તો શોકય સબંધી ભારે દુઃખ થાય છે. પતિ પરદેશ જવાથી તે કામનીને કામદેવ રૂપી અગ્નિની પીડાનું પાત્ર થવું-પડે છે. વળી કાળ યોગથી પતિ મરી જાય ત્યારે વિધવા પણાના મહા દુઃખ દરિયામાં ઉતરવું પડે છે. એટલા માટે પતિ ન કરતાં સર્વથા જીવતાં સુધી બ્રહ્મચર્ય પાળવું એ ઉત્તમ છે.

કરીએ છીએ. હે આદિ કર્ત્તા આપ સર્વજ્ઞ અને અન્તર્યામી છે તેથી સઘળી હકીકત આપના જાણવાની મર્યાદા બાહાર નથી. હે પિતા! રંભથી ઉત્પન્ન થએલો મહિષાસુર, બ્રાહ્મણોએ હોમેલા યજ્ઞના યોગ્ય હવિષ્યને ગ્રહણ કરી કલ્પ વૃક્ષનાં પુષ્પોને પહેરતો થકો કામધેનુનો ઉપયોગ કરી દેવતાઓને દુઃખ દેનાર છે, તેને મારવા માટે શ્રી આદ્ય શકિત અનંત તેઃજ પુંજથી પ્રગટ થએલાં છે. તે દેવીના દર્શન કરવા જવા માટે અમો આપને શરણે આવ્યા છીએ.

મંદોદરીનાં તેની માએ આવાં વચન સાંભળી તે પોતાના પતિ પાસે જઇ મંદોદરીનો સંસાર વિમૂખ થવાનો સઘળો સંકલ્પ કહી સંભળાવ્યો. ચંદ્રસેન રાજાએ સ્ત્રીનાં વચન સાંભળી દીકરીને પરણવાના ભાવ વગરની જાણી તેનો વિવાહ કર્યો નહિ. એક દિવસે એ મંદોદરી પોતાની સખીઓ સાથે ઘણા વૃક્ષોવાળી વાડીમાં રમતી હતી, અને પુષ્પ લતાઓને જોતી જોતી ફુલ વીણતી હતી. તે સમયમાં માર્ગમાં મહાવીર વીરસેન નામે કોશલ દેશનો રાજા જતો હતો, એને દૂરથી પોતાની તરફ આવતો જોઇ મંદોદરીની સખીઓએ મંદોદરીને કહ્યું કે કામદેવ સરખો રૂપાળો કોઇ નર માર્ગમાં આવેછે. અમો ધારીએ છીએ કે તારા ઉત્તમ ભાગ્યના યોગથી એ રાજા છે. સખીઓ આ પ્રમાણે બોલતી હતી તેટલી વારમાં રાજા ત્યાં આવી પહોંચ્યો; અને એ મોટા નેત્રવાળી મંદોદરીને જોઇ વિસ્મય પામી રથથી ઉતરી દાસીને પૂછ્યું કે આ કમળ સરખાં નેત્રવાળી કંન્યા કોણ છે અને કોની પુત્રી છે તે તું મને તુરત કહે. રાજાએ પૂછતાં દાસીએ સુંદર મંદહાસ્ય કરી રાજાને સામું પૂછ્યું કે હે વીર! આપ કોણ છો, કેમ

બ્રહ્મા૦— હે દેવતાઓ! એ મહિષાસુર સ્ત્રીના હાથથી મરે તેમ છે, એટલા માટે પરાશક્તિ શ્રી મહાલક્ષ્મી પૃથ્વીના પાપ રૂપી ભારને હરવાને પ્રગટ થએલાં છે. તમારો વિચાર તે દેવીનાં દર્શન કરવા જવાનો છે તો ચાલો, આપણે સર્વે સદાશિવને સાથે લઇ ત્યાં જઇએ.

આવ્યા છો, અને આપને પૂછવાનું શું પ્રયોજન છે તે પ્રથમ કહો. દાસીએ પૂછતાં રાજાએ કહ્યું કે આ હું કોશળ દેશનો વીરસેન રાજા માર્ગ ભૂલી જવાથી અહીં આવ્યો છું. દાસીએ રાજાનાં વચન સાંભળી કહ્યું કે આ ચંદ્રસેન રાજાની કુંવરી મંદોદરી વાડીમાં રમવા આવી છે.

આ પ્રમાણે દાસીનાં વચન સાંભળી વીરસેન રાજાએ દાસીને કહ્યું કે હે સુંદર નેત્રવાળી સૈરંધ્રા! તું એ રાજ કુમારીને સમજાવ કે હું કકુત્સ્થના વંશનો રાજા છું, માટે ગાંધર્વ વિવાહથી તે મને પતિ કરે. મેં હજુ સુધી કોઇ પણ સ્ત્રી કરી નથી. તેથી રૂપાળીને સારા કુળવાળી સ્ત્રીને પરણવાને મારી ઇચ્છા છે. અથવા તેના પિતાએ વીધિ સહીત તેનું કંન્યાદાન મને દેવું જોઇએ. હું એને અનુકુલ રહેનારો પતિ થઇશ. એ મારૂં સત્ય વચન છે.

રાજાનાં વચન સાંભળી કામ શાસ્ત્રમાં ચતુર તે દાસીએ મંદોદરીની પાસે જઈ જરા હસી મધુર વચનથી તેને કહ્યું કે હે મંદોદરી! સૂર્ય વંશમાં ઉત્પન્ન થએલો રૂપાળો, બળવાન અને અવસ્થાથી તારા જેવડો રાજા આવ્યો છે, તેને તારા ઉપર પ્રીતિ થઇ છે. અને તારા પિતા પણ તને પરણાવવાને પરિતાપ પામ્યા કરે છે, તે અમને એમ કહે છે કે તમો જેમ બને તેમ કુંવરીને સમજાવો. તું કે

ઇંદ્ર૦—હે પિતા! આપ સત્ય કહોછો. અને અમો પણ સદાશિવની સાથે ત્યાં જવામાં અમો મંગળ માનીએ છીએ. (સર્વે જાય છે.)

જે હઠથી મિથ્યા ધર્મને વળગેલી છે તેને અમો કોઇ રીતે કહી શકિત નથી, પણ સર્વ ધર્મ ને શાસ્ત્રનો સિદ્ધાંત તું સમજવાવાળી છે. છતાં તને કહુંછું કે આ સંસારમાં સ્ત્રીને પતિની સેવા વિના મોક્ષ કે સ્વર્ગ સુખની પ્રાપ્તિ થતી નથી. એટલા માટે તું વીધિ પૂર્વક વિવાહ કર.

મંદોદરી૦—હે દાસી મારે પતિ કરવો નથી. હું તો બાળ બ્રહ્મચર્ય પાળી તપ કરીશ. માટે એ મૂઢ રાજાને વાર, કે તે નિર્લજ-પણાથી મારી સામું જૂવે નહિ.

દાસી૦—હે મંદોદરી! આ જગતમાં બાહેરથી દેખાતાં કઠિણ કાર્ય કદાપી થઈ શકવાનો સંભવ છે, પણ અંતરમાં કામદેવની કળાઓને જીતવું ઘણું દુર્લભ છે. એટલા માટે આ મારૂ વચન તારે સત્ય માનવું જોઇએ. નહિતો તને આપત્તિ આવી પડશે એમાં સંશય નથી.

મંદોદરીનો આવો આગ્રહ જાણી દાસીએ વીરસેનને કહ્યું કે હે રાજા આપ સુખેથી પધારો. એને સારા પતિની ઇચ્છા નથી. રાજા દાસીનાં વચન સાંભળી નિરાશ થઇ ત્યાંથી ચાલી નીકળ્યો.

વિવાહ ન કરવાથી માતા પિતા જેની રક્ષા કરતાં હતાં એવી એ મંદોદરી ઘરમાં રહી પોતાનો કાળક્ષેપ કરવા લાગી, ત્યાં તેને સ્ત્રીઓના કામદેવને પ્રગટ કરનારા જુવાનીના અંકુર ફુટવા લાગ્યા. આમ થયા છતાં અને સખીઓના વારંવાર કહેવા છતાં તેણે પતિ કરવાની ઇચ્છા કરી નહિ. એ મંદોદરીની ઇંદુમતી નામની રૂપાળી

પ્રવેશ ૫ મો.

રણુ ભૂમિ.

દેવી.—(જરા હસતે મુખે)

હે મહિષ! મને મંદોદરી જેવો મંદ મતિવાળી જાણીશ નહિ. જ્યારે જ્યારે સાધુ અને દેવતા લોકોને દુઃખ ઉત્પન્ન થાય છે, ત્યારે ત્યારે તેઓના રક્ષણાર્થે હું કે જે રૂપ તથા જન્મથી રહિતછું તે નાના પ્રકારના દેહને ધારણ કરૂછું. હે દાનવ! હું સત્ય કહુછું કે તને મારવા માટે દેવતાઓએ મારી પ્રાર્થના કરી છે તેથી તને માર્યા પછીથી મને ગમશે ત્યાં જઇશ. ત્હારે જો જીવવાની ઇચ્છા હોય તો પાતાળમાં જા. અથવા મારી સાથે યુદ્ધ કરવા તત્પર થા.

નાંની બેન હતી. તેના લગ્ન વખતે સ્વયંવરમાં ઘણા રાજાઓ એકઠા મળ્યા હતા. તેમાંથી ઇંદુમતી રૂપાળા, બલવાન, કુળ તથા શિળ સંપન્નથી શ્રેષ્ટ અને સઘળાં શુભ લક્ષણવાળા રાજાને વરી. એ સમયમાં ઉપરના ઠાઠ માઠથી શોભિતા પણ અંદરથી અવિચારી અને વ્યભિચારી રાજાને જોઈ તે મંદોદરી મદનની પીડાથી પીડાવા લાગી. તેથી એ મંદમતિ માનનીનું મન તેને વશ ન રહેતાં તેની સઘળી ચતુરાઇ વ્યર્થ થઇ ગઇ. અને તેણે લાજ તજી એકાંતમાં પોતાના પિતાને કહ્યું કે હે પિતા! સ્વયંવરમાં આવેલા મદ્રદેશના રાજાને જોઈ મારા મનને મોહ ઉત્પન્ન થયો છે માટે મારો તેની સાથે વિવાહ કરો. ચંદ્રસેન રાજાએ પોતાની પુત્રીનું વચન સાંભળી મદ્રદેશના રાજા ચારૂદેષ્ણને ઘરમાં બોલાવી વીધિ સહિત મંદોદરીનું

મહિષાસુર.—હે દેવી ! ત્હારા જેવી સ્ત્રી કોઇ દિવસ મારા જોવામાં આવી નથી. ત્હારા રૂપ ગુણવડે મારા મનને મોહ અને કામ ઉત્પન્ન થએલાં છે. જો કે આ સંસારનું બંધારણ પણ મોહ અને કામવડે કલ્પાએલું છે, તેથી મારાથી તેનો ત્યાગ શી રીતે કરી શકાય ? હે વલ્લભા ! પુષ્પો જેમ પરાગ વિના આનંદ આપતાં નથી, તેમ પૃથ્વીપરનાં સર્વે રત્નો મારી પાસે હોવા છતાં રામારત્ન સિવાય મારા મનને આનંદ અને શાન્તિ પ્રાપ્ત થતાં નથી.

કન્યાદાન દેઇ ઘણી પહેરામણી આપી. તે રાજા સુંદર સ્ત્રીને પરણી રાજી થઇ તેને સાથે લેઈ પોતાની રાજ્યધાનીમાં ગયો. રાજાએ મંદોદરી સાથે ઘણા દિવસ સુધી રમણ કર્યું. એક દિવસે એ રાજા એકાન્તમાં કોઈ દાસની સ્ત્રી સાથે રમણ કરતો હતો, ત્યાં તેને પોતાની દાસીએ ચેતાવી દેવાથી મંદોદરીની નજરે પડયો. તે વખતે મંદોદરીને મનમાં ક્રોધ થયા છતાં મંદ હાસ્ય કરી વિનય વચન વડે પતિને ઠપકો દીધો. તેથી તે વખતે રાજા પોતે શરમાઇ ગયો. દૈવ્યયોગે વળી તે રાજા કોઇ રૂપાળી વેશ્યાને એકાન્તમાં રમાડતો ને લાડ લડાવતો હતો. તે મંદોદરીની નજરે પડતાં તે સમયે તેના મનમાં જે ખેદ ઉત્પન્ન થયો તેનો વિચાર કરવા લાગી કે મેં મૂર્ખતાથી આ શું કામ કર્યું ? મને રાજાએ ઠગી લીધી. નિર્દય, નિર્લજ અને પરનારીની પ્રીતિવાળા પતિથી મને શું સુખ થવાનું છે. મેં ન કરવાનું કામ કર્યાથી મારા મનમાં આ વખતે જે ખેદ થાય છે તેથી જાણે આ દેહનો ત્યાગ કરૂં. પણ તેમ કરવાથી આત્મહત્યાનું મોટું પાપ લાગે એમ હું સમજુછું, અને જો પિતાને ઘેર પાછી જાઉં તો સ-

દેવી.—હે મહિષ ! તું વાત કરવામાં ચતુર છે, છતાં તારા તનરૂપી રથના મનોશ્વને અવળે માર્ગે જતાં તેને અટકાવી શકતો નથી માટે તારૂં ડહાપણ વ્યર્થ છે. અને તેથી તને આત્માનંદનો અનુભવ પ્રાપ્ત ન થતાં સુખ શાન્તિ મળતાં નથી.

(એમ કહી દેવી શંખધ્વની કરે છે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ શિવાલય.

(બ્રહ્મા સર્વ દેવતાઓ સાથે આવીને સદાશિવને પ્રણામ કરે છે એટલે તેમને બેસવાનું કહીને)

સદાશિવ.—હે દેવતાઓ ! તમો સર્વે કુશળછો ? હે પ્રજાપતિ ઇંદ્રાદિક દેવતાઓને સાથે લેઇ અહીં આવવાનું જે પ્રયોજન હોય તે કહો.

બ્રહ્મા.—હે શંભુ ! આપ સર્વજ્ઞછો, તેથી તમો સઘળું જાણતા છતાં નિમિત્ત માત્ર મારી પાસે કહેવરાવવા માગો છો તો હે કલ્યાણકારી ! દેવતાઓને દુઃખ દેનાર મહા શૂ-

---

ખીઓની હાંસીને પાત્ર થાઉં. એટલા માટે મારે અહીંઆં આજથી આ અસાર સંસારમાં પતિના સંયોગથી થતાં સઘળાં સુખનો ત્યાગ કરી વૈરાગ રાખી રહેવું એ યોગ્ય છે. આ પ્રમાણે દુઃખ અને શોકથી ઘેરાએલી મંદોદરીએ વિચાર કરી કાળને બળવાન માની સંસાર સુખને છોડી દઇને પોતાના પ્રાણાંત સુધી પતિના ઘરમાં પડી રહી હતી.

ર્વીર મહિષાસુર તેને મારવા માટે શ્રી આદ્યશક્તિ પ્રગટ થએલાં છે. તેમનાં દર્શન કરવા જવા માટે અમો સર્વે અ ત્રે આપના ચરણુને શરણુ આવેલા છીએ.

સદાશિવ.—(જરા વિચાર કરી હસતાં હસતાં.)

હે બ્રહ્મા! તમેજ તે મહિષાસુરને વરદાન આપીને દેવતાઓને દુઃખ દેનારૂં કામ કર્યું છે. એનું મરણુ સ્ત્રીના હાથથી છે. તો સંગ્રામમાં કઈ અને કોની સ્ત્રી એને માર-વામાં સમર્થ થાય એમ છે? કોઇજ નથી. એટલા માટે એ પરાશક્તિ પ્રગટ થએલાં છે. આપણે એ દેવીના પદ પંક-જના પૂજનાર્થે સર્વોત્તમ બુદ્ધિમાન વિષ્ણુને સાથે લેઇ ત્યાં જઇએ.

(સર્વે જાય છે.)

પ્રવેશ ૭ મો.

રણુ ભૂમિ.

મહિષાસુર.—(જરા ક્રોધ યુક્ત નેત્રથી.)

હે દેવી! તું જોકે રૂપને યોવનવાળી સ્ત્રી છે, તોપણુ મૂર્ખ અને મદથી મત્ત છે. તારી સાથે હું નમ્રપણાથી વા ત કરૂછું, તેમ છતાં તું કઠોર વચનવડે મારી સાથે યુદ્ધની માગણી કરે છે તેથી તું અવિચારી જણાય છે. દુર્બલ થ-એલા દેવતાઓ તને અબળાને સબળા માની અગ્રણી કરી મને જીતવાને પ્રયત્ન કરે છે, તો પ્રથમ તને અને પછી તે-મને પણુ મારી નાંખીશ.

દેવી.—ઓ મૂર્ખ તું વૃથા બબડે છે. જેમ ત્રિદોષથી

સન્નિપાત પામેલો મનુષ્ય મરણને શરણ થતા પહેલાં બકવા કરવા માંડે છે તેમ તું પણ મિથ્યા લવરી કરે છે. શૂરવીર પુરૂષો પરાક્રમ કરી બતાવે છે પણ બહુ બોલતા નથી.

મહિષાસુર.—હે માનની ! ઘંટીને ગાળે પડેલા દાણાની પેઠે આખુ જગત કાળને મૂખ પડેલું છે, તેથી મરણથી મારૂં મન દિલગીર થતું નથી. પણ તારા જેવી પ્રેમની પુતળીપર પ્રહાર કરવામાં મારા કર કંપે છે.

દેવી.—હે દુષ્ટ ! અંધને જેમ સુંદર આરશી અને નિર્ધનને ગજરાજ વૃથા છે, તેમ મૂર્ખને જ્ઞાન આપવું વ્યર્થછે.

(દેવીનાં વચનથી ક્રોધ પામેલો મદોન્મત મહિષાસુર પોતાના બળવાન યોદ્ધાઓ સાથે દેવીની સન્મુખ ઉભો રહી પોતે દેવીના ઉપર બાણ મૂકવા લાગ્યો. દેવી તેનાં આવતાં બાણને ભાગી નાખી ગર્જના કરે છે. એ રીતે દેવી અને મહિષાસુરને પરસ્પર યુદ્ધ ચાલતુ હતું, તેની વચમાં દેવીને કોપ કરવાસારૂ દુર્ધર, દુર્મુખ, ત્રિનેત્ર, અંધક અને ચામરાદિક અસુરોએ દેવી સાથે યુદ્ધ કરવા માંડયું. તેમાંના કેટલાકને દેવીએ ત્રિશળ, ગદા, ખડ્ગ અને ભાલાવડે મારી નાંખ્યા. એ રીતે ઘણા વીર યોદ્ધાઓ મરણ પામેલા જોઇ મહિષાસુર દેવીની પાસે આવીને ઉભો રહે છે.)

પ્રવેશ ૮ મો.

વિષ્ણુ પુરી.

(આવેલા દેવતાઓએ દ્વારની ચોકી કરતા સુંદર આકૃતિવાળી છડીઓ ધરનારા જય તથા વિજય પાર્ષદોને જોઇને.)

સદાશિવ.—હે પાર્ષદો ! તમારામાંથી એક જણ શ્રી વિષ્ણુની પાસે જઇને નિવેદન કરો કે આપના દર્શનાર્થે આવેલા દેવતાઓ દ્વારમાં ઉભેલા છે.

(દેવતાઓનાં વચન સાંભળી વિજય શ્રી વિષ્ણુની પાસે જઈ પ્રણામ કરી નેપથ્યમાં કહે છે.)

વિજય.—હે દેવના દેવ ! હે વિભુ ! સર્વે દેવતાઓ આવીને દ્વારમાં ઉભેલા છે તેઓ આપની સ્તુતિ કરે છે અને આપના દર્શનને માગે છે.

(વિજયનું વચન સાંભળી બહુજ પ્રસંન થએલા વિષ્ણુ ઘર-માંથી તુરત દેવતાઓની સામે જઈ પ્રેમ દૃષ્ટિથી તેઓને રાજી કરી તેમને યોગ્ય આસનોપર બેસવાનું કહે છે. તેઓ બેઠા પછી)

વિષ્ણુ.—હે રૂદ્ર અને દેવતાઓ ! આપના દર્શનથી પ્રસંન થયોછું. આપને અત્રે પધારવાનું જે પ્રયોજન હોય તે કહેવાને કૃપા કરશો.

સદાશિવ.—હે લક્ષ્મીના પતિ ! હે જગતના નાથ ! હે દયાના સમુદ્રરૂપ ! હે કૃષ્ણ ! હે મધૂસુદન ! હે માધવ ! હે માયાને જાણનારા ! અમારા આવવાનું કારણ આપના અંતઃકરણથી કાંઈ અજાણ્યું નથી. (બ્રહ્મા તરફ આંગળી કરીને) **હે મહારાજ ! આ આવેલા પ્રજાપતિએ આપેલા વરદાન-**

થી પૃથ્વીપર મહિષાસુર મહા ક્રૂર અને મદમત્ત થઈ દેવ-તાઓને દુઃખ દેવાથી, તે પાપીનું મર્દન કરવા માટે શ્રી આદ્યશક્તિ પ્રકૃતિ પ્રગટ થએલાં છે. તેમના દર્શનાર્થે સર્વ દેવતાઓ આપને અગ્રણી કરી તે સ્થળે જવાના વિચાર-થી અત્રે આવેલા છીએ.

વિષ્ણુ.—હે દેવતાઓ ! એ ઉત્પન્ન થએલાં પરાશ-ક્તિ આદિ અનાદિથી સર્વત્રમાં સર્વ શક્તિમાનરૂપે વ્યાપ્ત રહેલાં છે. એ દેવીની વિભૂતિઓ વિના વ્યવહાર કાર્ય ક-રવાને આપણે કોઈજ સમર્થ નથી. જેમ કરોળીઓ ક્રિડા કરવા માટે જાળ કાઢી ક્રિડા કર્યા પછી તેને પાછી સંકે-લી લેછે; તેમ એ આદ્યશક્તિ મહામાયા લીલાઓ કર-વાને વાસ્તે પોતાના ઉદરમાં રહેલા ત્રિગુણ તંતુઓ વડે પોતાના સ્વ સ્વરૂપ સાથે આનંદ કરી મોહ જાળને સંકે લી લે છે. જેમ જળ બરફ કે લવણરૂપ થયા છતાં પોતા-ના જળ સ્વરૂપથી જૂદુ નથી, તેમ એ પ્રકૃતિ પોતાના શાન્ત સ્વ સ્વરૂપથી ભિન્ન નથી. હે દેવો ! આ આખુ વિશ્વ એ ત્રિગુણાત્મક વિરાટરૂપ દેવી મહોદરીના ઉદરમાં સમાએલું છે, તેણે કરીને તેમના સ્વરૂપનું કોઇને યથાર્થ ભાન થતું નથી. હે દેવતાઓ ! આજે વિજયા દશમીનો દિવસ છે, તેથી હું પણ આપની સાથે એ પ્રગટ થએલાં તેજઃપુંજ શ્રી પરમેશ્વરીના પદ પંકજ રજને પ્રણામ કર-વા ત્યાં આવવા તૈયાર છું.

(વિષ્ણુ સર્વેને સાથે લેઇ જાય છે.)

પ્રવેશ ૯ મો.

રણ ભૂમિ.

માહિષાસુર.—હે દેવી ! તને સ્ત્રી જાતિની જાણી જણાવુછું કે, હવે આ રણ ભૂમિ છોડી અહીંઆંથી જતી રહે. મારા વચનનું અપમાન કરનારને સ્વર્ગ, પૃથ્વી કે પાતાળમાં વસવું કઠિણ છે.

દેવી.—હે મૂઢ ! તું મારી જાતિને જાણતો નથી. હું સર્વ સ્થળે સર્વ જાતિમાં વ્યાપ્તછું, પણ તને મારવા માટે આ સ્ત્રી જાતિનું રૂપ ધારણ કરી અત્રે આવેલીછું. માટે મને કોઈ પણ સ્થળ કે વસ્તુની અપેક્ષા નથી.

મહિષાસુર.—હે મોહિની રૂપ ! હવે માન મૂકીને મારી સાથે સંધિ કરી સુખી થા. મારે તારી મરજી વિરુદ્ધ કાંઇ પણ કાર્ય કરવાની ઇચ્છા નથી.

દેવી.—હે મહિષ ! તારે જો સંધિ કરવાની ઈચ્છા હોય, તો તું પાતાળમાં જતો રહે.

મહિષાસુર.—હે ગર્વ પામેલી દેવી ! તને શામ અને દામના ઉપાયોવડે સમજાવ્યા છતાં વશ થતી નથી, તો તારી સાથે મારે ભેદ પ્રપંચથી વર્તવું પડશે; તેમ છતાં મારે તાબે નહિ થાય તો છેવટે તને દંડવડે શિક્ષા કરી મારે વશ કરીશ. (એમ કહી ગર્જના કરે છે.)

દેવી.—હે દુષ્ટ ! જેમ ગર્જના કરતો મેઘ વારીને વરસાવતો નથી, તેમ તું વાણીથી ગર્જના કરતોં છતાં તારા પાંણીવડે પરાક્રમને દર્શાવતો ન હોવાથી મૂઢને પુરૂષાર્થ

રહિત જણાય છે. બીકપણું ને શૂરપણું સર્વદા એક કાળ-માં થઈ શકે નહિ.

મહિષાસુર.—હે દેવી મને બીજા દૈત્યોના જેવો દુ-ર્બલ જાણીશ નહિ. મારા બાહુ બળને દેવ, દાન્નવો અને માન્નવો સર્વે જાણે છે, તેમ છતાં તું એક અજાણ ને સુકો-મળ રત્ન મુર્તિનો નાશ કરતાં મારૂં મન ડગે છે.

દેવી.—હે મંદ મતિવાળા મહિષ! તારા શૂરા સા-મંતોનો સંગ્રામમાં સંહાર કરાવી હજી જીવવાની આશા-એ મને ભેદ પ્રપંચથી વશ કરવા તારી દૂરાશાની મનોવૃ-ત્તિ દૂર થતી નથી, તો હવે હું ધારૂછું કે તું કાળની વિ-કરાળ જાળમાંથી નિકળવા માટે ફોગટ ફાંફાં મારે છે.

મહિષાસુર.—હે સુંદરી! તારે વાસ્તે સેનાપતિઓતો શું પણ મારા પ્રાણનો દરકાર કરતો નથી.

દેવી.—હે રંભ પુત્ર! હવે વાણીનો મિથ્યા દંભ જ-વા દેઈ ડંડથી મારી સાથે દ્વંદ યુદ્ધ કર. તું કામાંધ હો-વાથી મતિમંદ છે. જેમ પ્રચંડ પર્જન્ય પડવા છતાં પાષા-ણ પલળી કે પીંગળી શકતો નથી, તેમ મૂર્ખને શિખામ-ણ લાગતી નથી. માટે મુર્ખ સાથે "मौनं सर्वार्थ साधनं."

(એમ કહી દેવી પોતાનું બોલવું બંધ રાખે છે. એટલે મહિ-ષાસુર દેવીનાં વચન સાંભળી પોતાના મન સાથે વિચાર કરે છે કે "देह पातयामि के अर्थ साधयामि."મરવું અથવા જીતવું આ-વો નિશ્ચય કરી ક્રોધથી દેવીના ઉપર તિક્ષ્ણ બાણો મારે છે. તે બા-ણોને આવતાં દેવી હાથવતી પકડીને ભાગી નાંખી તેના ઉપર ગદા

ફેંકે છે, તે ગદા મહિષાસુરના હૃદયમાં વાગતાં મૂર્છા પામી તે પૃથ્વી પર પડી જાય છે. એટલે તેના શેવકો તેને ઉપાડીને દૂર લઈ જાય છે. થોડીવારે મૂર્છા રહિત થવાથી મહિષાસુર પોતાનું મનુષ્યનું રૂપ ત્યાગ કરી સિંહ રૂપે દેવીની સામે આવીને યુદ્ધ કરે છે. તેમાં પરાજય થવાથી વળી નાશી જઈ હાથીનું રૂપ લેઈને દેવી ઉપર વૃક્ષ અને પાષાણાદિ પદાર્થો ફેંકવા માંડે છે. દેવી પોતાની તરફ આવતા શસ્ત્રોથી શરીરનું સંરક્ષણ કરતાં તેના ઉપર બાણો ફેંકે છે. અને સિંહ તે હાથીના માથા ઉપર ચઢી બેસી તેના મસ્તકને ફાડવા માંડે છે. તેથી ગભરાઈને મહિષાસુર નાશી જઈ હાથીનું રૂપ તજી પોતે મહિષનું સ્વરૂપ ધારણ કરી શીંગડાંઓથી યુદ્ધ કરવા દેવીની સામે આવીને મોટી ગર્જના કરે છે.)

દેવી.—હે મંદ બુદ્ધિવાળા ઉભો રહે ઉભો રહે, જ્યાં સુધી આ મિઠી મદિરાનું પાન કરી લેઉં, ત્યાં સુધી હે મૂઢ તું ક્ષણ માત્ર ગર્જના કરી લે, પછી હું તને મારી નાંખીશ એટલે તરત સર્વ દેવતાઓ ગર્જના કરશે.

એ પ્રમાણે બોલીને "મહિષાસુર શિવનો અંશ છે તેને બુદ્ધિ પૂર્વક ન મારતાં મદાંધ થઈ મારવો જોઈએ એવી ધારણાથી" દેવીએ સોનાના પાત્રવડે વારંવાર મદિરાનું પાન કરીને મહિષાસુરની સામે દોડી તેની છાતીમાં ત્રિશૂળ માર્યું, તેના પ્રહારથી મહિષાસુર પૃથ્વીપર પડી ગયો, અને મોટા સ્વરે બરાડા પાડવા લાગ્યો. એટલે દેવીએ તેની પાસે જઈ પોતાના એક પગવડે તેને ડબાવી ખડ્ગવતી તેનુ માથું કાપી નાખ્યું. પછી પોતે ત્યાંથી દુર પ્રદેશમાં વેગળાં ઉભાં રહ્યાં. એટલે આવેલા દેવતાઓએ દુંદુભિઓ વગાડી પુષ્પની

વૃષ્ટિ કરીને સર્વે મોટા સ્વરથી)

દેવતાઓ.— **श्री अंबे मातकी जय.**

(જય ધ્વની બોલીને આવેલા દેવતા દેવીની બંને બાજુ તરફ સામસામા ઉભા રહી સ્તુતિ કરવા લાગ્યા.)

દેવતાઓ.— વસંત તિલકા વૃત.

શ્રી અંબિકા અકળ જ્યોતિ રૂપં સ્વરૂપં,
છો આદિ અંત રહિતં અગુણં અનૂપં;
વિશ્વાત્મિકા વસિ રહ્યાં વિભુ સર્વ ઠામ,
શ્રી તેજ પુંજ પદમાં કરિએ પ્રણામ. ૧

ઉત્પત્તિ સ્થીતિ લય કારણછો કૃપાળી,
સર્વત્ર છત્ર વિજયા જયદા ભવાની;
ભદ્રા રૂપે ભય હરો ભવનો તમામ,
શ્રી તેજ પુંજ પદમાં કરિએ પ્રણામ. ૨

આદ્યા અચિંત્ય અવિકાર સમસ્ત અર્થ,
છો ધર્મ મર્મ ખટકર્મ વિષે સમર્થ;
કીધાં ચરિત્ર સુર હીત સદા સકામ,
શ્રી તેજ પુંજ પદમાં કરિએ પ્રણામ. ૩

લક્ષ્મી સ્મૃતિ ગતિ ધૃતી રતિ કિર્તિ કાન્તી,
મેધા રમા મતિ પ્રમા ધૃતી ભ્રાન્તિ શાન્તી;
સ્વાહા સ્વધા સગુણ સત્ય છતાં અકામ,
શ્રી તેજ પુંજ પદમાં કરિએ પ્રણામ. ૪

શબ્દાત્મિકા સ્થિતિ સરસ્વતિમાં સમાણી,

દુર્ગા દયાળી પદ તારક નાવ જાણી;
આરાધના અમર આદિ કરે સ્વકામ,
શ્રી તેજ પુંજ પદમાં કરિએ પ્રણામ. ૫

શાન્તી સ્વયંભુ સુખ સાધન શક્તિ મુક્તી,
શ્રદ્ધા સમૂહ પદ ભૂતળ ભવ્ય ભક્તી;
ૐકાર બીજ રૂપ ચંદ્ર ધર્યો લલામ,
શ્રી તેજ પુંજ પદમાં કરિએ પ્રણામ. ૬

ધારી સુવેશ સતિ ધર્મ પરા પ્રકાશી,
મારી મહીષ મદ કામ વિકાર નાશી;
માર્યા અસૂર પદ પામિ પળ્યા સ્વધામ,
શ્રી તેજ પુંજ પદમાં કરિએ પ્રણામ. ૭

તારી લિલા લલિતનો નવ પાર પામ્યા,
હારી ગયા નિગમ નેતિ વદી વિરામ્યા;
નારાયણી નમિ નમી સ્મરિ ત્હારૂ નામ,
શ્રી તેજ પુંજ પદમાં કરિએ પ્રણામ. ૮

દોહરો.

તેજ પુંજ પરમેશ્વરી, પળ પળ કરી પ્રણામ;
પ્રેમ પુષ્પ પદ અરપિએ, જય જય અન્તર્યામ. ૯

(એમ સ્તુતિ કરતાં ઉભેલા દેવતાઓએ તે પ્રગટ થએલાં તેજઃ પુંજ દેવીની પ્રેમવડે પુષ્પ તથા સુગંધના અનુલેપન અને ધૂપાદિક પદાર્થોથી અર્ચના કરી એટલે તેમને)

દેવી.—(પ્રસન્ન વદન વડે.)

હે ઉત્તમ દેવતાઓ ! તમે મન વાંચ્છિત વરદાન માગો.

દેવતાઓ.—હે દેવી ! પુત્રોના હજારો અપરાધો માજ સહન કરે છે. હે મા ! તમે અમારા ઉપર જે મોટા ઉપકાર કર્યા છે, તેનો બદલો વાળવાને અમો સઘળા કોઇપણ પ્રકારે સમર્થ નથી. તમે મહિષાસુરાદિક અસુરોને પોતાની ઇચ્છા માત્રથી મારવાને સમર્થછો, છતાં અદ્‌ભુત અવતાર લેવાનું કારણ એજ કે વિનોદ દ્વારા ભક્તિને વધારી ભક્તને મુક્તિ આપવી એમ અમે સમજીએ છીએ. હે ભગવતી ! આપે અમને સાક્ષાત દર્શનથી તથા અમારા શત્રુ મહિષાસુરને મારીને અમારે જે જોઇતું હતું તે તમોએ આપ્યું છે. તેમ છતાં આપના દયાળુ સ્વભાવથી વરદાન માગવાનું કહોછો, તો હે જગદંબ ! હે નિરાલંબ ! હે કલ્યાણકારી ! અમે એટલુંજ માગીએ છીએ કે આ સંસારરૂપી નાટકમાં "મહિષાસુર મર્દન" થી આપે કરેલા પરમ પવિત્ર ચરિત્રના પાઠને શ્રવણ તથા સ્તવન કરનારાઓને અનેક પ્રકારની સંપત્તિ ને જ્ઞાન આપી તેમની સુખ શાન્તિમાં વૃદ્ધિ કરો. અને અમો સર્વદા તમારા ચર્ણાવિંદનું સ્મરણ કરીએ તેમ કરીને તમારામાં અવિચળ ભક્તિ આપો.

દેવી.— "તથાસ્તુ"

(એમ વરદાન આપી દેવી ત્યાંજ અંતર્ધ્યાન થઈ જાય છે. એટલે આવેલા દેવતાઓ પોતપોતાના સ્થાનક પ્રત્યે જવા લાગ્યા. તેઓ ગયા પછી પધારેલા ભક્ત જનો સામે આવી પ્રણામ કરીને)

સુત્રધાર.—હે આર્ય મિત્રો ! આજે "મહિષાસુર મર્દન" કે જેમાં મહા બળવાન અસુરો તથા તેમના રાજા મહિષને દેવીએ મારી દેવતાઓને દુઃખથી મુક્ત કરી સુખી કર્યા છે, તેનો આ અસાર સંસારરૂપી નાટકમાં સાર એ છે કે, જે મનુષ્ય પોતે ધન, જોબનકે અધિકારને પ્રાપ્ત થતાં તેના મદથી અંધપણું પામી મોહમાં મગ્ન થઇ મન દગ્ધ કરે છે, તે પ્રાણ તત્વરૂપ ધાતુનો ક્ષય થવાથી બીજી બહારની મેળવેલી ઉપધાતુઓ સહિત, રહિત થતાં અંતે મહિષાસુરની પેઠે નાશ પામે છે; અને જેઓ પિંડ બ્રહ્માંડની-ઐકયતામાં પિંડમાં રહેલી પ્રકૃતિ દૈવી સંપત્તિની પરાશક્તિની ભક્તિવડે આસુરી સંપત્તિના રાજા (મહિષ) કામને વશ ન થતાં, તેને તથા તેના અંગી મહા બળવાન ક્રોધ, લોભ, મોહ, મદાદિક અસુરોને મારી વિજય મેળવે છે, તેઓ સર્વ પ્રકારની સિદ્ધિ સંપત્તિઓને ભોગવી એક, અભેદ, અખંડ, આનંદમય આત્મ સ્વરૂપ જ્ઞાનના પ્રકાશવડે શ્રી આદ્યશક્તિ પ્રકૃતિના અનંત તેજઃપુંજ જ્યોતિરૂપ સ્વરૂપને વિષે મોક્ષરૂપ વિરામ પામે છે.

॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

॥ ॐ ॥

श्री स्तवनाष्टक.

શ્રી ગણપતિની સ્તુતી.

છંદ હરિગીત.

શ્રી ગૌરી તન ગજ વદન ગુણ નિધી ગહન ગતિ
ગણુ નાયકં,
ઋદ્ધિ મંડળે માંગલ્યમય જય લલિત લક્ષણ લાયકં;
મહારાજ ગરિબ નિવાજ રિધ સિધ્ધ સકળ સુખ
વિભૂ દાયકં,
વંદુ વિમળ પદ પ્રથમ જય ઘન વિઘન હરણુ
વિનાયકં. ૧
શ્રી બ્રહ્મ તનયા બ્રહ્મસમ તમ હારિણી બ્રહ્મચા-
રિણી,
જય પરમ પાવની હંસ વાહની પા'ણી પુસ્તક
ધારિણી;
કર કમળ મધુકર કરત રવ જય મધુર બિન
બજાવની,
નમિ સ્તવત બાળ કુમારી શ્રી પદ ચંદ ચિત
સુહાવની. ૨

૧

શ્રી આદ્ય શક્તિ અંબિકા આરાસુરી અચલેશ્વરી,
અખિલેશ્વરી અકલેશ્વરી અમરેશ્વરી અરૂણેશ્વરી;
વરૂણેશ્વરી વરણેશ્વરી વિશ્વેશ્વરી વાઘેશ્વરી,
જય ઈશ્વરી પદત્રક્ષરી પદ પ્રણમું શ્રી પરમેશ્વરી.

૨

શ્રી મુખ કમળ પરિમળ અમળ શત કોટિ શશિ
સૌંદર્યતા,
અંબુજ અરૂણ નય નયન મનહર મદ હરિત
માધુર્યદા;
પદ પદ્મ પરમ પ્રતાપ માપ અમાપ કળ કમળેશ્વરી,
જય ઈશ્વરી પદત્રક્ષરી પદ પ્રણમું શ્રી પરમેશ્વરી.

૩

શ્રી શિ રમણી શિરા શુભ મણી મણિદ્વીપની મા-
હેશ્વરી,
મણિમાલઉર મણિબંધભુજ મણિમય મણિમુકુટે-
શ્વરી;
બ્રહ્માંડ ખંડ ખગોળ ગોળ કપોળ સુંદિર શાંબરી,
જય ઈશ્વરી પદત્રક્ષરી પદ પ્રણમું શ્રી પરમેશ્વરી.

૪

શ્રી ભક્ત વત્સલ ભૂષણં ભગવતિ ભવ ભય
ભજંની,
નારાયણી નિરંજની મન મંજની મુનિ રંજની;
અશરણ શરણ અઘ હરણ તારણ તરણ પદ લિપુ-
રેશ્વરી,
જય ઇશ્વરી પદલક્ષરી પદ પ્રણમું શ્રી પરમેશ્વરી.

૫

શ્રી જગ્ત જનનિ જિવન એક અનેક અક્ષર અંકમાં,
નિષ્કામ નીરવિકાર નીષપ્રપંચ નીષકલંકમાં;
નિર્વેદ ભેદ અભેદ નિગમાગમ ગણિ ગરૂડેશ્વરી,
જય ઇશ્વરી પદલક્ષરી પદ પ્રણમું શ્રી પરમેશ્વરી.

૬

શ્રી ૐકાર અકાર અવિચળ અકળ અગમ અગો-
ચરી,
અવિચિન્ત અજર અપાર અવયવ રહિત રતિ
રાજેશ્વરી;

બિન્દુ સ્વરૂપ અનૂપ બિજ બહુ રૂપ બાળા બોચરી,
જય ઈશ્વરી પદત્રક્ષરી પદ પ્રણમું શ્રી પરમેશ્વરી.

૭

શ્રી વિશ્વ વંદની વૈશ્ણવી વરદાયિની વિજયા જયા,
વિશ્વાત્મિકા જગદંબીકા પદઆત્મિકા વસુધા ધરા;
વૈરાટ સગુણ સ્વરૂપ નિર્ગુણ બ્રહ્મમય ભુવનેશ્વરી,
જય ઈશ્વરી પદત્રક્ષરી પદ પ્રણમું શ્રી પરમેશ્વરી.

૮

શ્રી સત્વ તત્વ મહત્વ આપ અવ્યક્ત માત મહોદરી,
તુંજ વિણ બ્રહ્મ અપંગ અંગ ન રંગ સંગ સહોદરી;
નિર્ગુણ સગુણ ગુણ સાગરી સર્વેશ્વરી સર્વોપરી,
જય ઈશ્વરી પદત્રક્ષરી પદ પ્રણમું શ્રી પરમેશ્વરી.

દોહરો.

શ્રી પદ ભક્તિ જ્ઞાનમય, સત ચિદ ઘન આનંદ;
ચંદ છંદ હરિગીત સ્તવે, જય જય શ્રી જગદંબ. ૧

શ્રી પરોપકારાર્થે પ્રસિદ્ધ કરવામાં આશ્રય આપનાર સદગ્રહસ્થોનાં નામ.

પ્રત. નામ.

૫ શ્રી ૭ શ્રી મહારાણાજી શ્રીજશવંતસિંહજી માહારાજ. સ્વસ્થાન શ્રી દાંતા.

નડિયાદ.

૫ શ્રી યુત. મનઃસુખરામ સુર્યરામ ત્રિપાઠી.

૨ રા. સા. પુરૂષોતમદાસ વિહારીદાસ દેસાઇ.
૨ રા. રા. ઉત્તમરામ મનઃસુખરામ યાજ્ઞિક.
૧ વકીલ. ગોકળદાસ દ્વારકાંદાસ બીએ એલ-એલ બી.
૧ વકીલ. ડુંગરદાસ મૂળજીભાઇ
૧ વકીલ. છોટાલાલ ઝવેરીલાલ
૧ વકીલ. શિવલાલ કાશીરામ
૧ વકીલ. નંદલાલ રણછોડદાસ
૧ વૈદ્ય. ગિરિજાશંકર પીતાંબર
૧ રા. રા. હરિલાલ અચરતલાલ
૧ ,, ગીરધરલાલ ગોવિંદલાલ
૧ ,, અંબાલાલ વિશ્વનાથ
૧ ,, મણીલાલ બુલાખીરામ
૧ પટેલ. મગનભાઈ ગોવિંદભાઈ
૧ મહેતા. ભગવાનલાલ છોટાલાલ ફોટોગ્રાફર
૧ દવે. દોલતરામ બળવંતરામ
૧૦ શ્રી નાગર વિદ્યા વિજય સમાજના વહીવટદાર ચંદુલાલ શંકરલાલ મારફત.
૫ શંઘવી. લક્ષ્મીલાલ અંબાલાલ
૧ રા. મગનલાલ શેવકરામ વિષ્ણુ
૧ રા. આપારાવ વિ. ઝવેરીલાલ હરસુખરાય પતાઇ

૧ શુકલ. અંબાલાલ હરિશંકર
૧ ઠાકર. અચરતલાલ ભુલાભાઇ
૧ ઠાકર. મગનલાલ શંકરભાઇ
૧ દેસાઇ. આપાજી કસીભાઇ
૧ બારોટ. અંબાલાલ ભાઇજી
૧ શા. અંબાલાલ છગનલાલ
૧ મહેતા. કેશવલાલ હીરાલાલ
૧ પા. કાશીભાઇ જીવાભાઈ
૧ પરી. કેશવલાલ મગનલાલ
૧ શા. કેશવલાલ હરીભાઈ
૧ શા. ખીમચંદ મુળજી
૧ ચોકસી. ગોવરધનદાસ નરોતમદાસ તાર-
માસ્તર.
૧ શા. ચુનીલાલ છગનલાલ
૧ તલાટી. ચુનીલાલ જીવણદાસ
૧ રા. ચંદ્રશંકર પ્રભાશંકર દ્વીવેદી
૧ પા. ચુનીલાલ દેસાઇભાઈ

૧ પંડયા. ચંદ્રમણીશંકર હીરાશંકર
૩ પટેલ. ચુનીલાલ લાલાજી
૧ દેસાઈ ચંદુલાલ નંદલાલ
૧ તલાટી. અંબાલાલ ભગવાંનદાસ
૧ દોસી. ચુનીલાલ જયચંદ
૧ પા. ચતુરભાઈ ઝવેરભાઈ બીન ગોકળભાઇ
૧ દવે. છગલાલ હરિશંકર
૧ દેસાઇ. છોટાલાલ બાપાલાલ
૧ શા. છોટાલાલ ત્રીકમદાસ ઘડીઆળી
૧ પા. છગનભાઇ સાંમળભાઈ
૧ તલાટી. છગનલાલ હરગોવિંદદાસ
૧ પા. છોટાભાઇ રણછોડદાસ
૧ પંડયા. છોટાલાલ છગનલાલ
૧ પા. ઝવેરભાઇ બકોરભાઈ
૧ ચોકસી. જેઠાલાલ નાથાભાઈ
૧ દવે. જીવતરાંમ બાપુજી
૧ રા. જમનાંદાસ વલવરામ
૧ દલાલ. ત્રીભોવનદાસ પરશુદાસ

૧ પરોત. ત્રીભોવનદાસ ઇશ્વરદાસ
૧ પરી. નાથાભાઈ મોરલીધર
૧ શા. નાંનાલાલ નાથજી
૧ પંડયા. નાથાભાઇ માહાસુખરામ
૧ સોની. નટવરલાલ છગનલાલ
૧ ભટ. નાગેશ્વર દલપતરામ
૧ „ નાંનાલાલ દલપતરામ
૧ પરી. નાંનાલાલ છગનલાલ
૧ જડીઆ. નટવરલાલ છોટાલાલ સુરતવાળા.
૨ શા. નરોતમ બાપુજી
૧ યાજ્ઞિક. નર્બદેશ્વર હરેશ્વર
૧ દોસી. નારણલાલ ગોવરધન
૧ શા. પુંજાલાલ બકોરભાઇ
૧ શા. પુંજાલાલ જીવાભા
૧ પંડયા. નાથાલાલ બાપુ
૧ વાલંદ. ફુલાભાઇ ગ
૧ „ ભુલાભાઈ નાગ
૧ રામી. ફુલચંદ નર

૧ રા. રા. બટુશંકર ગીરધરલાલ
૧ શા. બહેચરલાલ દ્વારકાંદાસ
૧ સુતાર. ભગવાનદાસ ત્રીકમદાસ
૧ સરવૈયર. ભાઇલાલ ત્રીકમદાસ
૧ પા. ભીખાભાઈ લક્ષ્મીદાસ
૧ શા. ભીખાભાઈ નાંનાભાઈ
૧ દેસાઈ. ભાઇલાલ સોમાભાઇ કંપાઉન્ડર
૧ પા. ભાઇલાલ નારણભાઈ
૧ પરી. ભુલાભાઈ પુરષોત્તમદાસ
૧ પરી. ભોગીલાલ વ્રજલાલ
૧ કાછીઆ. ભીખાભાઈ લક્ષ્મીદાસ
૧ „ આસારામ માધવદાસ
૧ „ શંકરભાઈ કુબેરદાસ
૧ શા. મનસુખ છબાભાઈ
૧ પા. મંગળભાઇ બહેચરદાસ
૧ દવે. મણીલાલ છગનલાલ
૧ તલાટી. મંગળદાસ મનસુખભાઈ
૧ પરી. મગનલાલ સાંમળદાસ

૧ શા. મગનલાલ હરિવલવદાસ
૧ સુતાર. મુળજી ભુલાભાઈ
૧ શા. મગનલાલ રણછોડદાસ
૧ કારકુન. મગનલાલ દલસુખરામ
૧ કંસારા. મગનલાલ ગરબડદાસ
૧ ,, મણીલાલ અમુલખ
૧ ,, જવેરીલાલ વ્રજલાલ
૧ ,, હરીલાલ ગલુભાઇ
૧ ત્રવાડી. માણેકલાલ નારણભાઈ
૧ પંડ્યા. મુલજીભાઇ બલવંતરામ
૧ સુતાર. મુળજીભાઇ પોલાભાઈ
૧ ,, મનોરદાસ રણછોડદાસ
૧ ,, જગજીવન બાપુજી
૧ ,, જીભાઈ લક્ષ્મીદાસ
૧ તલાટી. મોતીલાલ મુળજીભાઇ
૧ શા. મોતીલાલ છગનલાલ
૧ પરી. મણીલાલ મૂળચંદ
૧ દવે. માધવલાલ કેશવલાલ
૧ મેહેતા. મોહનલાલ સંકરલાલ
૧ દવે. રામશંકર જેશંકર
૧ રા. રામનારાયણ વસંતરાય
૧ રાઠોડ. લલુભાઈ જીજીભાઇ

૧ જડીઆ. લક્ષ્મીશંકર રવીશંકર
૧ સુતાર. લલુભાઇ ભગવાંનદાસ
૧ શા. વ્રીજલાલ લલુભાઇ
૧ માસ્તર. વ્રીજવલભદાસ હરજીવનદાસ.
૧ શા. સાંકળચંદ લલુભાઇ
૧ ગાંધી. સાંકળચંદ શીવલાલ
૧ ,, સોમાભાઈ મુળજીભાઈ
૧ ,, સોમાભાઈ હરગોવિંદદાસ
૧ શા. સોમાભાઇ હરીવલવદાસ
૧ શા. સાંમળદાસ ભીખાભાઇ
૧ મહેતા. શંભુપ્રસાદ રણછોડલાલ
૧ શા. સોમાભાઇ પુરૂષોતમદાસ
૧ પંડ્યા. સાંકળેશ્વર કીરપારામ
૧ શા. સોમાભાઇ છગનલાલ
૧ સોની. સાંકળલાલ ગણપતરામ
૧ પરી. હરીલાલ વલવદાસ
૧ શા. હરગોવિંદદાસ ભવાંનીદાસ
૨ પંડ્યા. હરીલાલ છગનલાલ
૧ શા. હીરાલાલ હરગોવિંદદાસ
૧ સુખડીઆ. હરીલાલ જગજીવન
૧ વાલંદ. શનાભાઇ છઆભાઇ
૧ ધાંચા. જેઠાલાલ ગરબડ

અમદાવાદ

૨ રા.બા. ચુનીલાલ દલપતરામ કવિશ્વર

૧ વકીલ.છોટાલાલ લલુભાઈબીએ. એલ એલબી.
૧ રા. રા. કલ્યાણરાય દોલતરાય
૧ ,, હીરાલાલ સાકરલાલ
૧ ,, જગન્નાથ ગુલાબરાય દવે.
૧ ,, જમીએતરામ નરભેરામ
૧ ,, કેશવલાલ શંભુલાલ
૧ ,, લક્ષ્મીનારાયણ અમૃતલાલ
૧ ,, જયેન્દ્રરાવ બાબારાવ
૧ ,, ગોવિંદરાવ લક્ષ્મણરાવ
૧ ,, કેવલદાસ અમરજી

ઉમરેઠ.

૧ રા.સા. હરિસુખરામ માણેકરામ મહેતા.

૧ ડાક્ટર. શિવપ્રસાદ ઝવેરીલાલ
૧ મહેતા. છોટાલાલ હીરાલાલ
૧ શા. માધવલાલ ભુરાભાઈ
૧ શા. ભુલાભાઈ ભીખાભાઈ
૧ તલાટી. નાથાલાલ ઝવેરદાસ
૧ જડીઆ. ચંદુલાલ જીવરામ
૧ સોની. અંબાલાલ સંપતરામ
૧ સોની. જીવણલાલ નાથજી
૧ કંસારા. બાપાલાલ મોહનલાલ
૧ સુતાર. શંકરભાઈ વાલજી

મુંબઇ

૧ જોશી.મથુરભાઇ બાળકિશનદાસ લુણાવાડાના.
૧ શા. પુરશોતમદાસ હરીવલભદાસ
૧ રા. જાદવજી વિઠ્ઠલદાસ

માતર

૧ કારકુન. મનસુખભાઈ મગનલાલ
૧ ભટ. મોહનધર નારણધર
૧ પરી. મોહનલાલ મથુરાંદાસ
૧ પરી. બાપાલાલ વલવદાસ
૧ શુકલ. તોલાશંકર મનસુખરામ
૧ રા. શંકરલાલ મગનલાલ

કપડવણજ

૧ ત્રવાડી. રાધેકૃષ્ણ મથુરભાઇ તલાટી
૧ ભટ. મંગળભાઇ જાદવરાય
૧ ઉત્વરાતદાર. શંકરભાઈ રામજી
૧ રા. કેવલભાઈ જેસંગભાઇ
૧ રા. ચુનીલાલ માહાસુખરામ

વીશનગર

૧ વકીલ. ગોવિંદભાઈ રણછોડભાઈ
૧ વકીલ. મગનલાલ મોતીલાલ

વરસોલા

૧ મહેતા. આદિત્યરામ અંબાલાલ
૧ શા. મગનલાલ જેઠાભાઈ
૧ શા. છોટાલાલ મોતીલાલ

વલાસણ

૧ ઈનામદાર. નાંનાભાઈ હરગોવિંદદાસ

ખંભાત.

૧ શંઘવી. લલુભાઈ પ્રાણનાથ
૧ રા. દયારામ વિષ્ણુરામ

પેટલાદ

૧ શંઘવી. જાદવલાલ માધવલાલ
૧ કવિ. હીરાનાથ કૃપાનાથ

પીજબોઈ

૧ વ્યાસ. જીભાઈ રાજારામ

સોજીત્રા

૩ સુતાર. શનાભાઈ ઈશ્વરદાસ
૧ દવે. અંબાલાલ ઈશ્વરદાસ

હાંસોટ

૧ કારકુન. છગનલાલ રણછોડદાસ

ચાંણોદ

૧ ત્રવાડી. ગુણવંતરામ જીવણરામ

ખેડા.

૧ શાસ્ત્રી. નાંનાલાલ ગંગાશંકર

ઉંઢેર

૧ મોદી. ચુનીલાલ મગનલાલ

બોરસદ

૧ પરી. જાહિલાલ લલુભાઈ

દેવકીવણસોલ

૧ શા. મોહનલાલ પાનાચંદ

વીરોલ

૧ તલાટી. આદિત્યરામ વજેરામ.

સુચના.

શ્રી મહિષાસુર મર્દન મંગાવનારને આ સાથે શ્રી અંબીકા શતકના સાતે અંકોનું પુસ્તક મળશે.

ઠો.

શા. શેવકલાલ રણછોડદાસ.

નડીઆદ.

અમદાવાદી ચોર.